**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦**
વિદેશમાં રૂા. **૨૫૦-૦૦** (વિમાનથી)

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૬૬૪૯
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના લોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પૂ. મા સર્વેશ્વરી યોગજ્યોત વિદ્યામંદિરોની અનિર્ધારિત મુલાકાતે | રાજુભાઈ જાની | ૮ |
| WELCOME TO SWARGAROHAN | દક્ષેશ કોન્ટ્રેક્ટર | ૧૫ |
| મહાત્મા યોગેશ્વરજી ઉપરની વેબસાઈટ ખુલ્લી મુકાઈ | તંત્રી | ૨૬ |
| પુનઃમુદ્રણ—સહજ લીલાદર્શન લેખનું | મંજુલાબેન ભાવસાર | ૨૭ |
| પૂ. શ્રીની ૧૯ મી પુણ્યતિથિની સાધનાત્મક ઉજવણી | નારાયણ હ. જાની | ૩૨ |
| અન્ન વિતરણ કાર્યક્રમના પ્રારંભે | મા સર્વેશ્વરી | ૩૯ |
| અંબાજી ખાતે અન્ન અને વસ્ત્રવિતરણ કાર્યક્રમ | તંત્રી | ૪૦ |
| એક અજાણી વ્યક્તિનો સરસ પ્રતિભાવ | તંત્રી | ૪૪ |
| શિવમહિમ્નસ્તોત્રનું પ્રકાશન | મા સર્વેશ્વરી | ૪૫ |
| તમારું દ્વાર | યોગેશ્વરજી | ૪૬ |
| પ્રભુને પ્રાર્થના | પરમાર્થી | ૪૭ |
| મા સર્વેશ્વરી સંનિધિ પર્વનિમિત્તે સ્વર્ગારોહણમાં સર્વ રોગ નિદાન યજ્ઞ | બી. જે. જાગાણી | ૪૮ |
| દેવી દુર્ગામાતાના વિવિધ સ્વરૂપોનું માર્મિક રહસ્ય | ડો. ધર્મેન્દ્ર માસ્તર | ૫૬ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

## ❁ અભિનંદનીય સહાય ❁

હે યોગેશ્વર ગંગ પાવન વહો મારા હૃદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ, ગુરુ હે સ્વીકારજો વંદના.

★ ★ ★

પરમાર્થી તાપે શ્રમિત, આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી, પાજે અમૃતધાર.

-પરમાર્થી

**કપૂરાના ભક્તપુરુષ જેમને પૂ. શ્રી યોગેશ્વરજીએ જ્ઞાનીભક્ત પરમાર્થી કહ્યા, શ્રી કબીરસાહિત્યની પરબડીસમા, કવિ, સમાજસેવક તરીકે અને સાચા સાધક તરીકે જીવન દીપાવ્યું.**

**તે શ્રી ઈશ્વરભાઈ પરમાર્થીની પાવનસ્મૃતિમાં**

**શ્રી મણિબેન પરમાર્થી**

**જયંત-મધુ-સારંગ-ગોપી પરમાર્થી**

**પંકજ-દક્ષા-ચિન્મય-ભક્તિ-અચ્યુત પરમાર્થી**

**બ્રાઉન્સવીલ-ટેક્ષાસ-યુ.એસ.એ.**

**(કપૂરા)**

**આ....માસનો અધ્યાત્મનો રસથાળ**

**પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં અર્પણ કરે છે.**

★ ★ ★

**હે પરમાર્થી પરિવાર, પ્રભુના આશીર્વાદ સાથે**
**ધર્મે-સત્કર્મે ઘસાઈને ઉજળા થઈ સૌને દીપાવતા રહો.**

**-મા સર્વેશ્વરી**



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**-મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૪ એપ્રિલ-૨૦૦૩ અંક : ૭

# શ્રી યોગેશ્વર કથામૃત

**-મા સર્વેશ્વરી**

**તા. ૭/૧૦/૮૧ બુધવાર,આસો સુદ નોમ, ૨૦૩૭**
**સ્થળ : ટોરન્ટો શહેર-કેનેડા.**

સવારે સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખનનો અતિ નિયમિત ક્રમ પૂર્ણ થાય છે.

પોણાબાર વાગ્યે નીચે ભોજન બનાવવા જવાનું થાય છે. પૂ. શ્રી પણ ત્યાં આવે છે. ત્યાં જ અમેરિકાથી શ્રી ઈશ્વરભાઈનો ફોન આવે છે. તેઓ કાર્યક્રમ ગોઠવવા આતુર છે. પૂ. શ્રી સાથે તેઓ વાત કરે છે.

ખીચડી ને શાકનું ભોજન બનાવીને લઈએ છીએ. રસોડામાં જ ભોજનના ટેબલ પાસે નીચે કારપેટ ઉપર આસન મૂકી બેસવાનું બને છે.

ભોજન બાદ આરામ. બપોરે થોડું લેખન થાય છે. લેખન બાદ પૂ. શ્રી થોડું દૂધ લે છે.

ઘરના સૌ સાંજે સમયસર આવી જાય છે. પ્રવચન પહેલાં એક ભાઇ મળવા આવે છે. જેમણે પ્રકાશના પંથે પૂ. શ્રીની આત્મકથા વાંચી છે. તેમણે બીજાં કયાં પુસ્તકો બહાર પડ્યા તેની માહિતી માગી. વળી સર્વેશ્વરીને કંઇક અનુભૂતિ થઇ છે એવો પણ પ્રશ્ન પૂછ્યો. જેના જવાબો પૂ. શ્રીએ જ આપી દીધા. બીજા એક ભાઇએ થોડા ધાર્મિક પ્રશ્નો માટે પૂ. શ્રી પાસે સમય માગ્યો.

પ્રવચન સમયસર થયું. ભજન, આરતી, પ્રસાદ વિતરણ થયું. સૌ છૂટા પડ્યા.

પૂ. શ્રીએ દૂધ ફળ લીધાં. સરળગીતા, શિવમહિમ્ન પુસ્તકની તથા વડોદરા અને રાજકોટના સેવાભાવી ભાઇઓ પૈકી શ્રી જીતુભાઇ, શ્રી રાજુભાઇ, શ્રી શાંતિભાઇની વાતો પણ થઇ.

આ પરિવાર વૈષ્ણવ આચારવિચાર પાળે છે. વિદેશની ધરતી હોવા છતાં ઘરમાં પણ ચંપલ પહેરીને ન ફરવાનું રસોડામાં પણ ચંપલ, મોજા પહેરીને ન અવાય એવો કડક નિયમ પળાય છે. બાળકો પણ એ નિયમ પાળે છે. પવિત્ર આહારવિહારવાળા આ પરિવારને ધન્ય છે.

શ્રી સુરેશભાઇ એવું માને છે કે યોગેશ્વરજીના પરિચય પછી મારા જીવનનો ઉત્તરોત્તર વિકાસ જ થયો છે. ને એમની કૃપાથી કોઇ દુઃખ પડ્યું નથી ને પડશે પણ નહિ.

શ્રી સુરેશભાઇએ પૂ. શ્રીનો ટેલિવિઝન ઉપર પણ કાર્યક્રમ ગોઠવ્યો છે. વળી ગુજરાત વર્તમાનપત્રમાં પૂ. શ્રીનો દિવાળીનો સંદેશો આપે એવી પણ ગોઠવણ કરી છે. આજે પૂ. શ્રીને આ અંગે જાણ કરે છે.



યોગેશ્વરજી દર વરસે કેનેડા આવે. દર વરસે સેવા ને સત્સંગનો લાભ મળે એવું પણ સુરેશભાઇ ઇચ્છે છે. પ્રભુની ઇચ્છાની એ બધી વાતો છે.

થોડી વાતો બાદ આરામ.

**તા. ૮/૧૦/૮૧ ગુરુવાર,આસો સુદ દશમ, ૨૦૩૭**

**સ્થળ : ટોરન્ટો શહેર-કેનેડા**

આજે ગુરુવાર છે. સાંઇબાબાની સ્તુતિ બોલવામાં આવે છે. દિવાળીનો સંદેશનો લેખ પૂ. શ્રીએ આજે લખ્યો.

મંત્રજપ કરી દૂધ પીધા પછી લેખન શરૂ થયું. સતત ચાલતી માતાજીની સ્મૃતિને પૂ. શ્રીએ વાતો કરી વ્યક્ત કરી. નવરાત્રિના ઉપવાસ વળી માતાજીએ પોતાની દીકરીની કેવી ને કેટલી સેવા કરી તેની વાતો પણ સર્વેશ્વરીને કરે છે.

આજે ભાખરી, શાક ને ભાતનું ભોજન બનાવ્યું. ભોજન લીધા બાદ ટેલિવિઝન ઉપર પૂ. શ્રી સમાચાર સાંભળે છે.

સાંજે એક પતિપત્ની પૂ. શ્રીને મળે છે. તેઓ પોતાના પ્રશ્નો રજૂ કરે છે જેમાં માંસ કેમ ન ખાવું જોઇએ? પ્રભુની આરતી ઊભા થઇને કેમ ઉતારીએ છીએ વિગેરે પ્રશ્નો હતા.

પ્રશ્ન પૂછનાર પતિપત્ની બંને માંસાહારી હતાં. માંસાહારને ખરાબ ગણતા નથી એવા તો કેટલાયે ગુજરાતી જોવા મળે છે. વિદેશમાં આ એક કરુણતા છે. વળી તેઓ દલીલ કરતાં કહે છે ધર્મ પાળનાર ભારત કેટલો દુઃખી છે. જ્યારે અમે અહીં આવીને ધર્મ પાળતા નથી. માંસ ખાઇએ છીએ છતાં કેટલા સુખી છીએ.

આપણા ભાઇબેનોની વિદેશમાં આવી કરુણ દશા જોઇને દુઃખ થાય છે.

સાંજે બે ભાઇ, એક બેન મળવા આવે છે. ત્રણેએ પ્રકાશના પંથે વાંચ્યું છે. મૌન મંદિરની, સત્સંગની વાતો થાય છે. એક ભાઇ પૂ. શ્રીને પ્રભુ જ માને છે, કારણ પૂ. શ્રીના સત્સંગ પછી તેમનું જીવન પલટાયું છે.

બેનનું નામ અંજુબેન છે. તેઓ પ્રથમવાર જ સર્વેશ્વરીને મળે છે. તેમણે પૂ. શ્રીને સંકોચ રાખ્યાવિના કહેવા માંડ્યું.

હું તો મા સર્વેશ્વરીને પહેલી જ વાર મળું છું. મારું હૃદય એમ કહ્યા કરે છે—મા સર્વેશ્વરી શારદા મા છે. મને જે પ્રેરણા થાય તે સાચી કે ખોટી તે તો આપ જ જાણો. મેં પહેલે જ દિવસે પ્રવચનમાંથી ઘરે જતાં માર્ગમાં જ વાત કરેલી કે મને એવું લાગ્યા કરે છે.

પૂ. શ્રીએ તે બેનને કહ્યું : તમારું હૃદય નિર્મળ લાગે છે. તમારી ભાવના સાચી છે.

અંજુબેન : યશોધરાને બુદ્ધથી વિયોગ થયેલો. શારદા માને પણ રામકૃષ્ણથી વિયોગ થયેલો. તો મા સર્વેશ્વરી પણ ઘણા સમય પછી જ મળ્યા ને એટલે મારી વાત સાચી જ છે.

પૂ. શ્રીને, સર્વેશ્વરીને તથા બંને ભાઇઓને અંજુબેનની વાત સાંભળી નવાઇ લાગે છે. પ્રભુ ક્યાં કોને કેવી પ્રેરણા જગાડે છે તે તો પ્રભુ જ જાણે. એવી પ્રેરણાથી મદદ પણ મળતી જ હશે ને?

સમયસર પ્રવચન માટે નીચે જવાનું થયું. પ્રવચન બાદ ભજનો થયાં. પ્રસાદ આરતી બાદ સૌ વિદાય થયા.

પૂ. શ્રી આજે દૂધ લે છે. થોડી વાતો સુરેશભાઇ સાથે થાય છે. પછી પૂ. શ્રી પોતાના ઓરડામાં આરામ કરે છે.

(ક્રમશઃ)



## પૂ. મા સર્વેશ્વરી યોગજ્યોત વિદ્યામંદિરોની

# અનિર્ધારિત મુલાકાતે

**રાજુભાઇ જાની**

તા. ૨૮, જાન્યુઆરીથી પૂ. મા સર્વેશ્વરી મોરબીમાં વિરાજમાન હતાં. ૩૦ જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પ્રાથમિક શાળાઓમાં રજા હતી. સવારે ૧૧-૦૦ વાગે પૂ. શ્રી માએ બે ગાડી તૈયાર કરવાનું કહી પ્રસ્થાન કર્યું. પૂ. શ્રી માએ સૂચના આપી. સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા નવનિર્માણ કરવામાં આવેલી સાત પ્રાથમિક શાળાઓ 'યોગજ્યોત વિદ્યામંદિરો'ની યાત્રા કરવાની છે. અમે પૂ. શ્રી માને જણાવ્યું કે આજે પ્રાથમિક શાળાઓમાં રજા જાહેર થઇ હોઇ, શાળામાં વિદ્યાર્થીઓ કે શિક્ષકોની હાજરી નહીં હોય. તેમ છતાં પૂ. શ્રી માએ આ યોગજ્યોત વિદ્યામંદિરોની મુલાકાત લેવાનો કાર્યક્રમ યથાવત્ રાખ્યો.

સૌ પ્રથમ હરિપર ગામે ગયાં. બે દિવસ પહેલાં જ એટલે તા. ૨૮/૧ ના રોજ શાળાનાં આચાર્યાબેન શ્રી દાદાશ્રીનગર ગામ યોગ-જ્યોત વિદ્યામંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂ. શ્રી માને મળેલાં. અન્ય ગામોના શિક્ષકો, વિદ્યાર્થીઓ પણ તે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા. તે સૌએ પૂ. શ્રી માને તેઓની શાળાઓમાં પધારવા માટે વિનંતિ કરેલી. ત્યારે પૂ. શ્રી માએ કોઇ પ્રત્યુત્તર નહોતો આપ્યો. પરંતુ તેઓના નિમંત્રણમાં રહેલા ભાવનો પૂ. શ્રી માએ સ્વીકાર કર્યો. તેના અનુસંધાનમાં આ શાળાઓની મુલાકાતનો આરંભ થયો.

હરિપર ગામે શાળામાં કુલ ૬૦ બાળકો પૈકી ૨૦ બાળકો રજા હોવા છતાં શાળામાં હાજર હતાં. શાળાનાં આચર્યાબેન પણ ઉપસ્થિત હતાં. પૂ. શ્રી મા પધારશે જ એવી ઊંડી શ્રદ્ધા તેમના હૃદયમાં હોવાથી, રજા હોવા છતાં પણ શાળામાં ઉપસ્થિત રહી બાળકો સાથે તેઓ વાંચનકાર્યમાં વ્યસ્ત હતાં. કોઇ પણ પ્રકારની પૂર્વ જાણવિના પૂ. શ્રી માને સાવ અચાનક જ શાળામાં પધારેલાં જોઇ બાળકો સૌ ખૂબ ગેલમાં આવી ગયાં. પાંચ જ મિનિટમાં તો વાયુવેગે આ ખબર ગામમાં પ્રસરતાં શાળાનાં બધાં જ બાળકો જ નહીં, ગામના આગેવાનો, યુવાનો ભાઈઓ અને બહેનો પણ પૂ. શ્રી માના દર્શને આવી પહોંચ્યાં. બાળકોએ સાથે મળી પ. પૂ. યોગેશ્વરજીએ રચેલ ‘અમોને જ્ઞાન દેનારા ગુરુને લાખ વંદન હો’ તેમ જ ‘એવી બુદ્ધિ દો અમને’ બંને પ્રાર્થનાઓ પોતાની મેળે જ ગાવા માંડી.

પ્રાર્થના પૂર્ણ થતાં પૂ. શ્રી માએ બાળકો સાથે થોડી વાતો કરી. કેટલા બાળકો ટી. વી. જુએ છે? તે જાણ્યું અને પછી જો બાળકો ટી. વી. જોવાનું બંધ કરે તો તેમને સરસ પ્રવાસમાં લઈ જવાની વાત કરી. બધા જ વિદ્યાર્થીઓએ પૂ. શ્રી માની વાત વધાવી લીધી અને ટી. વી.થી દૂર રહેવાનું સ્વીકારી લીધું. વિદ્યાર્થીઓ પૈકીની જ એક બાળાને પૂ. શ્રી માએ વાર્તા કહેવાનું કહી બાળકોને પ્રોત્સાહિત કર્યાં.

બાળકો માટે પૂ. શ્રી મા શીંગ, તલની ચીકી તેમ જ બિસ્કીટનો પ્રસાદ લાવ્યાં હતાં તે શ્રી જગુભાઇ, નીરુબેન મિસ્ત્રી કેનેડાથી આવ્યા હોઇ તેમના હાથે જ પ્રત્યેક બાળકોને વહેંચાવ્યો. આ ઉપરાંત ધોરણ ૪ થી ૭ સુધીના વિદ્યાર્થી ભાઇબહેનોને નોટબુક પણ પ્રસાદની સાથે વિતરણ કરવામાં આવી. ભૂકંપ રાહત સેવા માટે મોટાભાગનું



ફંડ વિદેશથી આવ્યું હોઇ પૂ. શ્રી માએ શ્રી જગુભાઇ, નીરુબેનને તેઓ દ્વારા પૂ. શ્રી માને મોકલાવેલ ફંડનો કેવો સુંદર ઉપયોગ આ ‘યોગજ્યોત વિદ્યામંદિરો’ના નિર્માણમાં થયો છે, તે દર્શાવવા જ તેમને ખાસ સાથે લાવેલાં.

હરિપર આવતાં પહેલાં જ રસ્તામાં ભૂકંપના પ્રકોપના કારણે કેવો ભયંકર વિનાશ સર્જાયો હતો તે દર્શાવવા પૂ. શ્રી માએ ત્યજી દીધેલા જૂના કેરાળા ગામની યાત્રા પણ શ્રી જગુભાઇ, નીરુબેનને કરાવી.

હરિપરનાં શિક્ષિકાબેને પૂ. શ્રી માના આશીર્વાદથી નવનિર્મિત થયેલા આ યોગજ્યોત વિદ્યામંદિરમાં બાળકોમાં કેવાં પરિવર્તનો આવી રહ્યાં છે, તેઓ પ્રાર્થના વગેરેમાં કેવા રસપૂર્વક જોડાઇ રહ્યાં છે, તેમના વ્યવહાર અને વર્તનમાં થઇ રહેલાં પરિવર્તનો અંગે વાતો કરી. પૂ શ્રી મા આ બાળકોને આશિષ ધરવા સમયાંતરે આવતાં રહે, તેવી પ્રાર્થના કરી. પૂ. શ્રી માએ આ બાળકો માટે ‘સ્વર્ગારોહણ’ની યાત્રાનું આયોજન કરવા સૂચન કર્યું જે આચાર્યાબેને સ્વીકારી લીધું.

હરિપર આવતાં પૂ. શ્રી માની ગાડી કેરાળા ગામપાસેથી જ પસાર થઇ હતી. પૂ. શ્રી મા પધાર્યાં છે તેની જાણ થતાં જ વિદ્યાર્થીઓ ઝડપથી શાળામાં દોડી આવ્યાં તેમની માતાઓ પણ પૂ. શ્રી માનાં દર્શનનો આ અવસર ચૂકી ન જવાય તે માટે શાળાના પટાંગણમાં એકત્રિત થઇ બેસી ગઇ. કેરાળામાં પણ પૂ. શ્રી માની સૂચના મુજબ બધા જ બાળકોને પ્રસાદ અને નોટબુક વહેંચવામાં આવ્યાં. પ્રાર્થના પછી પૂ. મા સાથે આવેલ નાની સુકૃતિ અને પવિત્રાએ ધૂન ગવડાવી. પૂ. શ્રી માએ પ્રાર્થના પ્રત્યે બાળકોની અભિરુચિ કેળવાય તે માટે

સાથે આવેલ શ્રી રાજુભાઇને પૂ. શ્રી માના જીવનના એક બે પ્રસંગો કહેવા સૂચવ્યું. પૂ. શ્રી માના જીવનમાં પ્રાર્થનાનું મહત્વ છેક બાળપણથી જ કેવું રહ્યું છે, તે દર્શાવતા બે પ્રસંગો કહ્યા. સૌથી આશ્ચર્યની વાત તો એ હતી કે ૧૩૫ બાળકોની કુલ સંખ્યા પૈકીના ૧૨૫ બાળકો રજા હોવા છતાં અહીં વગર બોલાવ્યે હાજર થઇ ગયેલાં. પૂ. શ્રી માના નામ માત્રનું કેવું અદ્‌ભુત ખેંચાણ વિદ્યાર્થીઓને જ નહીં, નાના મોટા સૌને પણ સતત રહે છે તેનું તાદૃશ્ય દર્શન અહીં સૌને પૂ. શ્રી માએ કરાવ્યું. ભૂકંપ પછી પૂ. માએ આ ગામોની મુલાકાત બેત્રણવાર લીધેલી એટલે ગામલોકો પણ પૂ. માને ઓળખતા થઇ ગયેલા. પૂ. માના આધ્યાત્મિક જીવનની વાતો પણ તેઓએ સાંભળેલી.

પૂ. માની મંડળી અમરનગરની શાળામાં પ્રસાદ વિતરણનું કાર્ય પૂર્ણ કરી સૌ લગભગ ૪-૦૦ વાગે ભક્તિનગર પહોંચ્યા. ભક્તિનગર શાળાના બાળકોએ પૂ. શ્રી મા પ્રત્યેનો અદ્‌ભુત પ્રેમભાવ દર્શાવ્યો. આ નાનકડા ગામમાં પણ બપોરે સો જેટલા બહેનો/બાળકોની માતાઓ પૂ. શ્રી માના દર્શને આવી કૃતાર્થ થઇ.

યોગજ્યોત વિદ્યામંદિરો પૈકી ૧૦ ઓરડાની ગાળા ગામની શાળા સૌથી મોટી છે જેમાં અંદાજીત ૨૮૦ વિદ્યાર્થીઓ ભણે છે. અમે પૂ. શ્રી મા સાથે જ્યારે આ ગામમાં પ્રવેશ્યાં ત્યારે વિદ્યાર્થીઓએ જ એકબીજાને સંદેશો આપી શાળા તરફ દોડી આવ્યા હતા તો ગામના વડીલો, ભાઇઓ-બહેનો અને યુવાનો સૌ દોડતાં શાળાનાં પ્રાંગણમાં એકઠા થઇ ગયા હતા. પૂ. શ્રી માએ સ્થાન ગ્રહણ કર્યું ત્યાં સુધીમાં લગભગ ૨૪૫ બાળકો વર્ગવાર તેમના શિક્ષકો સાથે ગોઠવાઇ ગયાં તો ગામના વડીલો, યુવાનો અને બહેનો પણ અંદાજે



ચારસો/પાંચસોની સંખ્યામાં પૂ. શ્રી માની સન્મુખ આવી બેસી ગયાં.

શાળાના આચાર્યશ્રીએ કોઇ પણ જાણકારી વિના અચાનક રીતે પૂ. શ્રી મા પધારતાં તેમનું સામૈયાદ્વારા સ્વાગત કરવાથી વંચિત રહ્યાં. તે અંગે અફસોસ વ્યક્ત કર્યો. ગાળાગામના પ્રતિષ્ઠિત આગેવાન શ્રી ખોડાભાઇ પણ પૂ. શ્રી મા પધાર્યાં છે તે જાણતાં દોડી આવ્યા.

અહીં પણ બાળકોએ ‘અમોને જ્ઞાન દેનારા’ પ્રાર્થના કરી અને તે પછી સૌ બાળકોને પ્રસાદ/નોટબુક વગેરે વહેંચવામાં આવી. ગામવતી શાળાના આચાર્યશ્રીએ ગામમાં હાઇસ્કૂલના નિર્માણ માટે પૂ. શ્રી મા પાસે રજૂઆત કરી. પૂ. શ્રી માએ પહેલાં ગ્રામજનોને મળી એ દિશામાં આગળ વધે, પછી થોડોઘણો સહયોગ આપવા માટે વિચારશું, તેમ જણાવ્યું.

આપણે ભાગવતમાં વાંચ્યું છે કે ભગવાન કૃષ્ણની વાંસળીનો પ્રભાવ ગોપીઓપર કેવો અદ્‌ભુત હતો. એવું જ કંઇક દર્શન આ ગામોની પૂ. માની યાત્રામાં સાથે જોડાયેલ સહુએ અનુભવ્યું. વાંસળીના સૂરને બદલે અહીં તો ફક્ત પૂ. માનું નામ જ હતું, જે સાંભળતાં ગામલોકોમાં અદ્‌ભુત ભાવ સંચાર થતો જોવા મળ્યો, એનું કારણ પૂ. માના પવિત્ર જીવનનો પ્રભાવ તો ખરું જ, સાથે સાથે પૂ. માનો બાળકો જ નહિ, પરંતુ સહુ પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ. એક સાચી સ્વાર્થરહિત વ્યક્તિના સત્કાર્યનો પડઘો લોકહૃદયમાં કેવો પડે, તેનું દર્શન વિદેશથી આવેલ મહેમાનોને પણ થયું.

આ દર્શન અદ્‌ભુત નહિ, અવિસ્મરણીય બની રહે તેવું હતું, ગામના લોકોનો પ્રવાહ ગામની શાળા તરફ એકધારો વહેતો દેખાયો. જે લોકો કંઇ પણ કામ કરતા હતા, તે બધું છોડીને પૂ. માના દર્શને દોડી આવ્યા. પૂ. માનાં નામનો કેવો જાદુ!

ગામના આગેવાન શ્રી ખોડાભાઈના આગ્રહને માન આપી પૂ. શ્રી મા ગાળામાં નવનિર્માણ કરાયેલ મંદિરમાં પણ પધાર્યાં. ગામના વડીલો પ્રત્યે પૂ. શ્રી માનો પણ કેવો સરસ આદરભાવ.

પીલુડીની શાળામાં બાળકોને પ્રસાદ વહેંચી પૂ. શ્રી મા તદ્દન કાચા અને ખરાબ રસ્તાઓ હોવા છતાં લગભગ સાંજે સાત વાગે જસમતગઢ યોગજ્યોત વિદ્યામંદિરમાં પધાર્યાં. અહીં તો શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો જ નહીં. પણ પાસેના ગામોનાં અભ્યાસ અર્થે જતા હાઈસ્કૂલના વિદ્યાર્થી ભાઈબેનો જેમણે પૂ. શ્રી માને શાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે જોયેલાં તે સૌ પણ વિશાળ સંખ્યામાં એકત્રિત થઈ ગયેલાં.

જસમતગઢનું વિદ્યામંદિર બધા જ યોગજ્યોત વિદ્યામંદિરો પૈકીનું શ્રેષ્ઠ વિદ્યામંદિર છે. ત્યાંના બાળકોનો ભાવ પૂ. શ્રી માને અહીં આટલી કઠિન યાત્રા કરાવી ખેંચી લાવ્યો. સંકીર્તનની મસ્તીએ આખાય વાતાવરણને અધ્યાત્મના રંગથી રંગી નાખ્યું હોય તેવું દર્શન થયું. ઠંડી હોવા છતાં કાર્યક્રમ આઠ વાગે પૂરો થયો ત્યાંસુધી સૌ શિસ્તબદ્ધ બેસી પૂ. શ્રી માની સંનિધિ માણતાં રહ્યાં.

જસમતગઢ ગામની વિશેષતા એ છે કે આખાય રાજકોટ જિલ્લાની ૧૨૦૦ ઉપરાંતની પ્રાથમિક શાળાઓની હરીફાઈમાં તે પ્રથમ આવી છે. અહીંના લોકો, વિદ્યાર્થીઓ અને શિક્ષકો ખૂબ ભાવવાળા છે. તેઓની સરસ કામગીરીને લીધે યોગજ્યોત વિદ્યામંદિરનું નામ આખા જિલ્લામાં ગાજતું થયું છે.

આ યાત્રા અહીં પૂરી તો થઈ પણ પૂ. શ્રી માએ સૌને એ વાતની પ્રતીતિ કરાવી દીધી કે, કોઈ પણ જાતની જાણ કર્યા વગર કે આગોતરા આયોજન વગર પણ પૂ. શ્રી માના નામ માત્રમાં જ



ભક્ત હૃદયોને/બાળકોને તેમની સમીપ ખેંચી લાવવાની ગજબની શક્તિ રહેલી છે. તેમની ઈચ્છા થતાં જ તેની પરિપૂર્તિ માટે જાણે પ્રભુએ જ સૌના હૃદય સુધી પહોંચી જઈ સાતેય ગામની શાળાઓમાં આટલી વિશાળ સંખ્યામાં રજા હોવા છતાં વિદ્યાર્થીઓ તથા લોકોને ઉપસ્થિત કરી આખીય યાત્રાને સફળ બનાવી દીધી.

જપમાં ઉત્તમ કે અધમ જેવું કશું નથી. બધા જ જપ સર્વોત્તમ છે. એટલે તમને જે ઠીક લાગે તે શ્રદ્ધાપૂર્વક જપવા માંડો. એટલે તે તમારે માટે ચમત્કારી બની જશે.

**—યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# WELCOME TO SWARGAROHAN

દક્ષેશ કોન્ટ્રેક્ટર

## પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષેની વેબસાઈટ

કૃપા તમારી લઈ ગઈ, મંઝિલ સુધી મને,
હું રસ્તો ભૂલી ગયો તો, દિશાઓ ફરી ગઈ!

શું તમારે પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી સાંભળવી છે? પૂ. મા સર્વેશ્વરીના સુમધુર કંઠે ગવાયેલાં ભજનોને માણવાં છે? સ્વર્ગારોહણમાં બનતી ઘટનાઓ કે પૂ. માની સંનિધિમાં થતી પ્રવૃત્તિઓથી માહિતગાર રહેવું છે? કે પછી 'અધ્યાત્મ' માસિક વિશે કોઈ સૂચન કરવું છે?

સુરતમાં હો કે સિંગાપુરમાં, અંબાજીમાં હો કે અમેરિકાના કોઈ ખૂણામાં-સત્સંગની સરિતામાં સ્નાન કરવું હવે અત્યંત સુલભ બન્યું છે. તમારા ઘર કે ઓફિસના કોમ્પ્યુટરને ઈન્ટરનેટ સાથે જોડી તમારા browserમાં ટાઈપ કરો SWARGAROHAN.ORG અને માહિતીનો રસથાળ હાજર! ન કોઈ સ્થળનું બંધન કે ન કોઈ કાળનું બંધન. જી હા, પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીના જીવન અને કાર્યોપર આધારિત વેબસાઈટ www.SWARGAROHAN.ORG હવે ઉપલબ્ધ છે.

આજના ઈન્ટરનેટ યુગની હજી તો શરૂઆત પણ નહોતી થઈ ત્યારે ગુજરાતી અખબારપત્રોમાં પ્રગટ થતા લેખો વાંચીને સૌપ્રથમ સ્ફુરણા થયેલી કે ગુરુદેવ યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીના જીવન અને કાર્યોની માહિતી આપતી એક વેબસાઈટ



હોવી જોઈએ. તે સમયે તો મેં કોમ્પ્યુટરના ક્ષેત્રે પદાર્પણ પણ નહોતું કર્યું. પરંતુ પ્રભુએ અવનવી કૃપા કરી મારી એ નાનકડી મહત્ત્વ-કાંક્ષાને સાકાર સ્વરૂપ ધર્યું.

વહી ગયેલા સમય તરફ આજે હું દૃષ્ટિપાત કરું તો એ બધું જ સ્વપ્નવત્ કે કોઈ અજબ દોરીસંચારવાળું લાગે છે : મારું કોમ્પ્યુટરના ક્ષેત્રમાં પદાર્પણ, વિશ્વની ખ્યાતનામ કંપનીઓના સર્ટીફીકેશન, ભારતની અગ્રગણ્ય કંપની (લાર્સન એન્ડ ટુબ્રો)માં ઉચ્ચ હોદ્દાપર નોકરી અમેરિકાની અનેક કંપનીઓમાં selection અને ન્યૂજર્સીમાં H1B Visa પર આગમન, પૂ. માના અમેરિકા આગમન સાથે નોકરીમાંથી સ્વેચ્છાએ રાજીનામું અને ત્રણ મહિનાથી વધુ સત્સંગનો લાભ, પૂ. માની સંનિધિમાં ટોરેન્ટો, કેલગરી ને છેલ્લે લોસએન્જલસનો પ્રવા અને લોસ એન્જલસના સત્સંગમય અનુકૂળ વાતાવરણમાં સ્થિર થવું- જાણે કોઈ ચોક્કસ યોજના મુજબ પ્રભુએ યોગ્ય સમયે અને યોગ્ય સ્થાનમાં મને ગોઠવી દીધો.

કોમ્પ્યુટરના ક્ષેત્રે મારું Specialization આમ તો System Administration છે. વેબસાઈટ જે મશીન (જેને Server કહેવામાં આવે છે.) પર host કરવામાં આવે તેને Configure કે troubleshoot કરતાં આવડે પણ web Design મારે માટે અજાણ્યું ક્ષેત્ર હતું. છતાં પૂ. મા જ્યારે લોસએન્જલસ હતાં ત્યારે સાહસ કરી મેં કહ્યું કે મારે વેબસાઈટ બનાવવી છે. તમે નામ પસંદ કરી મને કહો. ૨૫ ડીસેમ્બર, ૨૦૦૧ ના રોજ પૂ. માએ કહ્યું 'સ્વર્ગારોહણ' નામ જ સર્વ રીતે અનુકૂળ છે અને એથી ૨૬ ડીસેમ્બરે Swargarohan.org નામ રજીસ્ટર કરાવ્યું. ઈન્ટરનેટના માધ્યમદ્વારા પૂ. મા અને પૂ.

શ્રી યોગેશ્વરજીના વિરાટ જીવન અને કાર્યોને જનસમાજ સામે મૂકવાની એક નાનકડી શરૂઆત થઇ.

મારી અલ્પમતિ મુજબ બે-ચાર webpage બનાવ્યાં આઠ-દસ ફોટા મૂક્યા અને પૂ. માને એવી તદ્દન પ્રાથમિક કક્ષાની વેબસાઇટ ન્યૂજર્સી જતાં પહેલાં ૩૦ ડીસેમ્બરે બતાવી. પોતાના સ્વભાવ મુજબ પૂ. માએ પ્રોત્સાહિત કરી જરૂરી સૂચનો કર્યાં. તે દિવસથી કાર્ય ધીમી છતાં મક્કમ ગતિએ ચાલતું રહ્યું. પૂ. મા ફરી લોસ એન્જલસ પધાર્યાં ત્યાંસુધીમાં ઘણી પ્રગતિ થઇ જેને નિહાળવા પૂ. મા ફરી ૧૮ ડીસેમ્બર ૨૦૦૨ માં પધાર્યાં. પૂ. માને પ્રગતિથી આનંદ થયો અને ભવિષ્યમાં તેના વિકાસ માટે જરૂરી નોંધ પણ કરી.

તાજેતરમાં (ફેબ્રુઆરી ૨૦૦૩) ખાસ આ વેબસાઇટ માટે Dell કંપનીનું નવું Server ખરીદ્યું અને મને એ કહેતાં અત્યંત આનંદ અને ગૌરવ થાય છે કે પૂ. માના ૬૦ મા વર્ષે પ્રભુ શ્રી યોગેશ્વરજીના ચરણે તદ્દન નવી જ ડીઝાઇન સાથે આ વેબસાઇટને ૧૮ માર્ચે ખુલ્લી મૂકીશું. (ખુલ્લી મૂકાઇ ગઇ છે.)મને આશા છે કે સર્વ સાધક ભાઈબેનો એનો મહત્તમ ઉપયોગ કરી પૂ. શ્રી અને પૂ. માના જીવન અને કાર્યોથી માહિતગાર બને અને પ્રસારમાં પોતાનું યોગદાન આપે.

હવે, આ વેબસાઇટમાં શું શું છે તે જોઇએ. સામાન્ય રીતે Site Map એ કોઇ પણ વેબસાઇટનો નકશો ગણાય કે જેમાં દરેક web Page ક્યાં અને કેવી રીતે ગોઠવાયાં છે તેની માહિતી હોય. તો ચાલો, આપણે તેની મદદથી વેબસાઇટની મુલાકાત લઇએ.

સૌપ્રથમ પૂ. શ્રી યોગેશ્વરજીનો વિભાગ છે. જેમાં તેમનો અત્યંત ટૂંકો પરિચય છે અને તેમના જીવનને આલેખતા અન્ય વિભાગોમાં જવાની Links છે. જેમ કે Articles (લેખો), Books



(પુસ્તકો), Lectures (પ્રવચનો), Life Story (જીવન કથા), Preaching (પ્રેરણાદાયી પ્રસંગો અને દૃષ્ટાંતો), Poems (કવિતાઓ), Q & A (પ્રશ્નોત્તરી), Quotes (અવતરણો), Photos (સ્વરૂપો અને હસ્તાક્ષર), Press (અખબારોમાંના લેખ), Letters (પત્રો) અને Timeline (સમયાલેખન). હવે આ દરેક વિભાગોમાં શું છે તે જોઇએ.

Articles વિભાગમાં પૂ. શ્રીના `Essence of Gita' પુસ્તકમાંથી કેટલાક લેખ મૂકવામાં આવ્યા છે જેવા કે Gita's Importance, Worship me, Renunciation of Religion, Three characters– Duryodhana, Arjun & Krishna વિગેરે.

Books વિભાગમાં પૂ. શ્રીના પુસ્તકોનો પરિચય ક્યાંથી અને ક્યારે Publish થયો, કેટલાં પાનાં છે તથા તેના વિશેની ટૂંકી માહિતી મૂકવામાં આવી છે. હાલમાં આરાધના, બિંદુ, હિમાલયના પત્રો, કળીમાંથી ફૂલ, કર્મયોગ, પ્રકાશના પંથે, પ્રાર્થના સાધના છે, રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં, સત્સંગ, સંતસમાગમ, ઉપનિષદ્નું અમૃત જેવાં પુસ્તકો વિશેની માહિતી મૂકી છે. ભવિષ્યમાં બધાં જ પુસ્તકોની વિસ્તારથી માહિતી મૂકવામાં આવશે.

Lectures વિભાગમાં પૂ. શ્રીના દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન જુદા જુદા સ્થળે જુદા જુદા વિષયોપરના પ્રવચનોની નોંધ છે. તદુપરાંત અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રવચનોની Audio Clips પણ મૂકેલી છે. જેથી તેમની અમૃતવાણી સાંભળી શકાય. હાલમાં યોગદર્શન (ગુજરાત યુનિવર્સિટી) અને Self-Realization (ડરબન)ના પ્રવચનોની થોડીક Clip મૂકેલી છે. ભવિષ્યમાં જુદા જુદા વિષયોના પ્રવચનોની Audio Clip મૂકવામાં આવશે.

Letters વિભાગમાં પૂ. શ્રી યોગેશ્વરજીના પત્રોનો સંગ્રહ

મૂકાશે. હાલમાં ૧૯૪૧ માં સ્વામી શિવાનંદજીને લખેલ પત્ર તથા તેનો સ્વામી શિવાનંદજીનો પ્રત્યુત્તર મૂકવામાં આવેલો છે.

Life Story વિભાગમાં પૂ. શ્રી યોગેશ્વરજીની જીવનકથાને વણી લેવામાં આવી છે. ૧૮ પાનામાં વહેંચાયેલી આ જીવનકથામાં તેમની આત્મકથામાંથી અવતરણોને ટાંકવામાં આવેલાં છે, જેથી જુદા જુદા વિષયોપર અને અનુભવો વિશે તેમના પોતાના વિચારો જાણી શકાય. ૧૫ ઓગષ્ટ ૧૯૨૧ માં સરોડામાં જન્મથી માંડી ૧૮ માર્ચ ૧૯૮૪ મુંબઇ લક્ષ્મીનારાયણ મંદિરમાં પાર્થિવ તનુનો પરિત્યાગ-એ વચ્ચેની બધી જ અગત્યની વાતો આ વિભાગમાં છે.

Photos વિભાગમાં પૂ. શ્રીની સાધનાકાળની દુર્લભ તસવીરો મૂકવામાં આવી છે. જેમાં ૨૧ વર્ષની ઉંમરે ધ્યાનસ્થ યુવાન યોગેશ્વરજીની તસ્વીરથી માંડી દાઢીવાળાં સ્વરૂપો, દશરથાચલ પર્વતપર સાધના દરમ્યાન અનોખી ભાવાવસ્થાના સ્વરૂપ, નાસિકના ૧૦૦ દિવસના પાણી ઉપરના ઉપવાસો વખતના કૃશકાય વદનની તસ્વીરો ઉપરાંત તેમના હસ્તાક્ષરો પણ જોઇ શકાશે. આ વિભાગમાં ભવિષ્યમાં ઘણા બધા Photo નો ઉમેરો કરવામાં આવશે.

Poems વિભાગમાં પૂ. શ્રીની કવિતાઓ ચૂંટીને મૂકવામાં આવી છે. ઘણા ઓછા લોકોને ખબર છે કે યોગી, લેખક કે પ્રવચનકાર તરીકે સુપ્રસિદ્ધ થયેલ પૂ. યોગેશ્વરજી સિદ્ધહસ્ત કવિ હતા. તેમનાં જ પુસ્તક `Tunes Unto the Infinite' પુસ્તકમાંથી કેટલીક કવિતાઓને અહીં મૂકવામાં આવી છે. સાધકને તથા ઈશ્વરને સંબોધીને લખાયેલી આ અમર રચનાઓ વાંચવી જ રહી : A Prayer, To a saint in solitude, Duality of the Lord, Cause of Imperfection, What can I do.... વગેરે.



Preaching વિભાગમાં પૂ. શ્રીનાં પુસ્તકો જેવાં કે સત્સંગ, સંત સમાગમ, કળીમાંથી ફૂલ અને પ્રવચનો દરમ્યાન ટાંકવામાં આવેલ દૃષ્ટાંતો અને અનુભવોને અહીં મૂકવામાં આવ્યા છે. પ્રાર્થનાની શક્તિ, વૈરાગ્ય કેવો હોવો જોઇએ, કર્મ અને અકર્મનો ભેદ, સંતોનો વર્તાવ, સંતોનું સાન્નિધ્ય શું પરિવર્તન કરી શકે જેવા જુદા જુદા વિષયોને ઉદાહરણ મારફતે સુંદર રીતે ટાંકવામાં આવેલ છે. તો સાથે સાથે માતા આનંદમયી, બાબા કાલી કામલીવાળા, કે મહંત ગંભીરાનંદજી, ચમત્કારી સંતો અને તેમની સિદ્ધિઓની વાતો પણ અહીં મૂકવામાં આવી છે.

Press વિભાગમાં પૂ. શ્રી યોગેશ્વરજીના અખબારના પ્રતિનિધિઓ સાથેના વાર્તાલાપો મૂકવામાં આવ્યા છે. હાલમાં દક્ષિણ આફ્રિકાના તેમના પ્રવચન પ્રવાસ દરમ્યાન ત્યાંના વિખ્યાત The leader, Sunday Times અને Lenesia Times જેવા અખબારોના લેખો મૂકેલા છે. ભવિષ્યમાં અહીં વધુ લેખો મૂકવામાં આવશે.

જિજ્ઞાસુઓને સૌથી વધુ આકર્ષતા પ્રશ્નોત્તરીનો Q & A વિભાગમાં સમાવેશ કરેલો છે. પૂ. શ્રી યોગેશ્વરજી પોતાના અનુભવો અને સાધનાને આધારે સચોટ અને સરળ જવાબોથી મન મોહી લેતા એ સુવિદિત છે. વળી આવા પ્રશ્નોત્તરીના તેમનાં પુસ્તકો પણ પ્રગટ થયેલાં છે. ધર્મનો મર્મ, ધર્મનો સાક્ષાત્કાર, અધ્યાત્મનો અર્ક જેવાં પુસ્તકોમાંથી જુદા જુદા વિષયો જેવા કે કુંડલિની, ગુરુ, જપ, ધ્યાન, મંદિરો, ઉપવાસ, ખેચરીમુદ્રા, મૃત્યુ પછીની ગતિ, પ્રાર્થના, કામવાસના... જેવા અનેક વિષયોને અહીં રજૂ કરેલા છે. દરેક વિષયમાં અનેક પ્રશ્નોનો સમાવેશ કરેલો છે. જેમ કે ‘ગુરુ’ વિશેની પ્રશ્નોત્તરીમાં ગુરુ કોને કહી શકાય, ગુરુવિના

આધ્યાત્મિક માર્ગે આગળ વધી શકાય ખરું? જ્યારે સાધક સૌપ્રથમવાર ગુરુના સંપર્કમાં આવે ત્યારે તે કઇ રીતે જાણી શકે કે આ જ તેના ગુરુ છે? આદર્શ ગુરુ કેવા હોય? એક કરતાં વધુ ગુરુ હોઇ શકે? ગુરુની સેવા કેવી રીતે કરી શકાય—જેવા અનેક પ્રશ્નો મૂકેલા છે. હજુ પણ દરેક વિષયોમાં નવા નવા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે.

Quotes વિભાગમાં પૂ. શ્રીના અમર અવતરણોને ટાંકેલાં છે જેમ કે `The ultimate Aim of Human life is Self–Realization.' પ્રેરણાદાયી વાક્યો જીવનના કઠિન સંજોગોમાં પ્રેરણાનું ભાથું બાંધી આપે છે.

Timeline વિભાગમાં પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનનું સમયાલેખન કરવામાં આવ્યું છે અમુક દિવસે અમુક મહિને અને વર્ષે પૂ. શ્રી ક્યાં હતા કે તેમના જીવનમાં ક્યો અગત્યનો બનાવ બન્યો તે અહીં મૂકવામાં આવશે. આ વિભાગ હજુ સંપૂર્ણ થયો નથી.

ભવિષ્યમાં વિવિધ વ્યક્તિઓના પૂ. શ્રી યોગેશ્વરજી વિશેના વિચારો અને વ્યક્તવ્યો તથા અનુભવોને ગોઠવી મૂકવામાં આવશે. વાચકો પોતાના સંસ્મરણો મોકલી શકશે.

પૂ. શ્રી યોગેશ્વરજીની જેમ જ પૂ. મા સર્વેશ્વરીના વિરાટ વ્યક્તિત્વને ટૂંકમાં વેબસાઇટપર મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમાં પૂ. માનાં પુસ્તકો, ભજનો, તેમની ટૂંકી જીવનગાથા અને તેમના પત્રો અને સંદેશાનો સમાવેશ થાય છે.

'અર્ઘ્ય' અને 'અંજલિ' ઉપરાંત 'દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ' જેવા પુસ્તકોના રચયિતા પૂ. માની રોચક જીવનકથા Life Story વિભાગમાં છે. જેમાં તેમનો જન્મ, શિક્ષણ, નોકરી, પૂ. યોગેશ્વરજીનો પરિચય, મૌનમંદિરના દિવસો, દક્ષિણ ભારતનો પ્રવાસ અને અલૌકિક દીક્ષા, મોરબી શિબિર અને 'મા સર્વેશ્વરી'નું નામાભિધાન, પૂ. યોગેશ્વરજીનો હાર્ટએટેક અને નોકરીમાંથી રાજીનામું, વિદેશનાં પ્રવચન—પ્રવાસો, ૧૮ માર્ચ ૧૯૮૪ અને અન્નનો ત્યાગ, દશરથાચલ યાત્રા, કાર અકસ્માત્, મૌન અને પ્રણામ... વગેરે વિષયો સાંકળી લેવામાં આવ્યા છે.



૧૯૯૫ થી પૂ. મા મૌનમાં છે પરંતુ તે પહેલાં તેમના સુમધુર કંઠે ગવાયેલા સ્વરચિત ભજનો સાંભળવા એ એક લ્હાવો ગણાય. પૂ. માના રચિત ૬૦૦ ઉપરાંત ભજનોમાંથી થોડાંક ભજનોને અંગ્રેજીમાં અનુવાદિત કરી તેની Audio Clips સાથે મૂકવામાં આવ્યાં છે. 'વરદ હસ્ત', 'બંધ બારણે ટકોરા', 'જોગણ જુએ વાટડી', 'શ્યામલ ગિરિધારી', 'મને પ્રેમદિવાની બનાવો'... જેવાં અત્યંત લોકપ્રિય ભજનો ઉપરાંત યોગેશ્વર બાવની અને મા સર્વેશ્વરીની બાવની પણ વેબસાઇટપર સાંભળી શકાશે.

News વિભાગમાં સ્વર્ગારોહણ તથા પૂ. માની સંનિધિમાં યોજાતા વિવિધ કાર્યક્રમો અને ઉત્સવોની માહિતી મૂકવામાં આવી છે. દરેક કાર્યક્રમના વિવિધ Photo's પણ તેમાં મૂકેલા છે. ટોરન્ટોમાં યોજાયેલ યુથશિબિર, કેલગરી શિબિર, અંબાજીમાં યોજાયેલ મેડિકલ કેમ્પ, રાજકોટમાં પૂ. માની સંનિધિમાં યોજાયેલ રક્તદાન કેમ્પ, અનાથાશ્રમમાં સર્વમંગલ ટ્રસ્ટદ્વારા વસ્ત્રદાન કે પછી ૨૦૦૩ ની ૨૬ જાન્યુઆરીએ 'હિમાલય અમારો' શીર્ષક હેઠળ યોજાયેલ રાષ્ટ્રભક્તિનાં ગીતોની સ્પર્ધા—આવું અનેક માહિતીનું કેન્દ્ર આ NEWS Section છે. આથી હવે પછી પૂ. માના કાર્યક્રમોની માહિતી

માટે આ પાનાને જોવાનું રખે ચૂકતા!

૧૯૭૯ ઓક્ટોબરથી શરૂ કરી છેલ્લા ૨૩ વર્ષથી પ્રગટ થતું 'અધ્યાત્મ' માસિક પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વપ્ન સમું ગણાય. મુ. નારાયણભાઈ જાનીના તંત્રીપદ હેઠળ એક નાનકડી શરૂઆતમાંથી આજે દેશવિદેશમાં બહોળો ફેલાવો ધરાવતા માસિકને પણ આ વેબસાઈટ સાથે સાંકળી લેવાશે. ટૂંક સમયમાં જ માસિકમાં છપાતા અંગ્રેજી લેખો વેબસાઈટ પર મૂકવામાં આવશે. વળી અધ્યાત્મ અંગે કોઈ સૂચનો હોય કે કોઈ લેખ ઈ–મેઈલ કરવો હોય તો તે પણ કરી શકાય એવી ગોઠવણ કરવામાં આવી છે.

પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વપ્ન સમું અને પૂ. માના અથાગ પુરુષાર્થનું પ્રતીક 'સ્વર્ગારોહણ' સાધકો માટે જાણે સ્વર્ગનું ધામ છે. અહીં અવારનવાર પૂ. માની સંનિધિએ વિધવિધ ઉત્સવો ઉજવાય છે. કોઈ ઋષિમુનિના આશ્રમ જેવી અહીંની દિનચર્યા છે. પ્રવાસીઓ માટે પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનની ઝાંખી કરાવતું અદ્ભુત 'યોગતીર્થ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. તો ધ્યાન, એકાંત માટે નાનકડી કુટિયા છે. સમૂહમાં ધૂન–ભજન માટે યોગશૈવલ્યમ્ હોલ છે. આ બધી વિગતો અને તેનાં ચિત્રો–ફોટાને વેબસાઈટપર મૂકવામાં આવશે.

ગુજરાતી અને સંસ્કૃતથી અજાણ લોકો માટે ખાસ Glossary અને Spiritual Dictionary મૂકવામાં આવી છે જેમાં જુદા જુદા શબ્દોના અર્થ અંગ્રેજીમાં મૂકેલા છે. હાલ ૫૦૦ થી વધુ શબ્દોના અર્થ એમાં મૂકેલા છે. Abhaya એટલે Fearlessness કે Acharya એટલે Master or Spiritual guide જેવા અર્થો સૌને સમજવામાં સરળ પડશે.

Links વિભાગમાં ભારતના અમૂલ્ય આધ્યાત્મિક વારસાનું



પ્રતિનિધિત્વ કરતા સંતપુરુષો અને એવી આધ્યાત્મિક સંસ્થાઓની વેબસાઈટની Link મૂકવામાં આવી છે. જેમાં મહાત્મા ગાંધી, મહર્ષિ અરવિંદ, રમણ મહર્ષિ, શીરડી સાંઈબાબા, સ્વામી રામદાસ, સ્વામી નિત્યાનંદ અને મુક્તાનંદજી જેવા મહાપુરુષો તથા બ્રહ્માકુમારીઝ, Divine Life Mission, રામક્રિષ્ણ મિશન, હિમાલયન ઈન્સ્ટીટ્યુટ (સ્વામી રામ), અરવિંદ આશ્રમ, સેલ્ફ–રીઅલાઈઝેશન ફેલોશીપ (સ્વામી યોગાનંદ) અને સ્વામીનારાયણ જેવી સંસ્થાઓની Link છે. વળી ભગવદ્ગીતા કે ભારત અને ગુજરાત વિશેની વેબસાઈટની લીંક પણ મૂકવામાં આવી છે.

FAQ (Frequently Asked Questions) વિભાગમાં વેબસાઈટ સંબંધી પ્રશ્નોના ઉત્તરો છે જેવા કે અવાજ બરાબર ન સભળાતો હોય, અક્ષરો કપાય જતા હોય, કોમ્પ્યુટરમાં બરાબર દેખાતું ન હોય, જૂનું Internet Explorer કે Media Player હોય તો નવું ક્યાંથી Download કરવું વગેરે માહિતી આપવામાં આવી છે.

Guest Bookમાં વેબસાઈટ વિશેના પ્રતિભાવો આપી શકાશે. Feedback હેઠળ આવા વિવિધ પ્રતિભાવોને રજૂ કરવામાં આવશે. Translation અને Search જેવી સગવડ પણ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. વારંવાર વેબસાઈટ જોતા વાચકો માટે What's new? હેઠળ વેબસાઈટની પ્રગતિ અને ફેરફારોની માહિતી આપવામાં આવશે. અંતે Site Mapમાં દરેક Web Pageની ગોઠવણી કરવામાં આવી છે. જેથી આખીય વેબસાઈટ જોઈ શકાય.

વેબસાઈટ મેં અગાઉ જણાવ્યું એમ સંપૂર્ણ નથી. અને એમાં સતત નવી માહિતી ઉમેરાતી રહેશે. જો વાચકોને કોઈ સૂચન કે અનુરોધ હોય તો તેઓ Webmaster@Swargarohan.org ના નામે

e–Mail કરી મોકલાવી શકશે. મોટાભાગની વ્યક્તિઓના મનમાં એક પ્રશ્ન હશે કે આ Website ગુજરાતીમાં કેમ નહી? એના ઉત્તરમાં કહું તો આખા વિશ્વના લોકોને લક્ષમાં રાખી આ વેબસાઇટ બનાવવામાં આવી છે. વળી પૂ. યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીના પુસ્તકો, પ્રવચનો, લેખો, બહુધા ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ છે જ. આ વેબસાઇટ ખાસ કરીને ગુજરાતી ન જાણનાર વ્યક્તિઓને કેન્દ્રમાં રાખીને બનાવી છે. પરંતુ ભવિષ્યમાં ગુજરાતીમાં પણ માહિતી મૂકવાની નેમ છે. પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. માની કૃપા સિવાય આ કાર્ય અશક્ય છે. એક વ્યક્તિ એકલે હાથે આ બધું ન કરી શકે. પૂ. માની પ્રેરણા અને સર્વ સાધક ભાઇબહેનોનો સહકાર આમાં કારણભૂત છે. કિશોરભાઇએ પોતાની high speed Internet facility પ્રદાન કરી છે. ઉપરાંત જરૂર પડ્યે અન્ય સાધનો પણ ઉપલબ્ધ કર્યાં છે. જરૂર પડ્યે ભાવના બહેને પૂ. માના ભજનોનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે. ભાઇ હેમલે ભારતમાં થતા વિવિધ કાર્યક્રમોની વિવિધ તસ્વીર મોકલી છે. તો બહેન શીપ્રાએ પોતાની ડાયરીનાં વર્ણનો આપી સમગ્ર વેબસાઇટની ભાષા અને વ્યાકરણ ચકાસી તો ક્યારેક કલાકો સુધી બેસી પૂ. શ્રીની Poems અને અન્ય માહિતી ટાઇપ કરી અને પોતાના પ્રતિભાવોથી સાઇટને ઉમદા બનાવવા સંપૂર્ણ યોગદાન કર્યું છે. ભાઇ યોગેશે ૐની સુંદર ડિઝાઇન તૈયાર કરી મોકલી. આવી અનેક નાની—નાની સાધક ભાઇબહેનો-ની કલ્પનાનું મૂર્ત સ્વરૂપ એટલે આ વેબસાઇટ. પૂ. માના ૬૦ માં વર્ષે પૂ. યોગેશ્વરજીના ચરણે આ વેબસાઇટ ભેટ ધરતાં અત્યંત કૃતકૃત્યતાનો અનુભવ થાય છે. આ વેબસાઇટ જોવા સહુ જ પધારો અને સ્વર્ગારોહણની મોજ માણો. ★



### મહાત્મા યોગેશ્વરજી ઉપરની

# વેબસાઇટ ખુલ્લી મુકાઇ

**તંત્રી**

તા. ૧૭ અને ૧૮ માર્ચે પૂ. માની ઉપસ્થિતિમાં Swargarohan.orgનો કાર્યક્રમ—અંબાજી ખાતે યોગશૈવલ્યમ્ હોલમાં પડદા ઉપર સાધકોને બતાવ્યો. શ્રી જયુબેન ભક્તે આ વેબસાઇટમાં શું શું દર્શાવાઇ રહ્યું છે તેની વિગતો સમજાવી. તો વિજ્ઞાનની આ કરામતે પૂ. શ્રીના જીવન, કવન અને લેખનના જ્ઞાનને સ્થળ અને કાળના ભેદ મીટાવી, ગુજરાતી ભાષાના જાણનાર જીજ્ઞાસુ સાધકોને માટે, ઉપલબ્ધ કરાવી આપ્યું, માટે શ્રી દક્ષેશભાઇ કોન્ટ્રેક્ટર અને બીજા જે જે ભાઇબહેનોએ તેમને સહયોગ અને સાધનો પૂરાં પડ્યાં છે તે સહુ ખૂબ ખૂબ અભિનંદનના અધિકારી છે. આ વેબસાઇટ અંગેનો આખો લેખ આજ અંકમાં બીજે સમાવેશ કરાયેલ છે. તે સહુની જાણ માટે.

ભારતમાં આ દર્શાવી શકાય તે માટેનાં પ્રોજેક્ટર અને પડદો વગેરે સાધનો શ્રી જગુભાઇ અને શ્રી નીરુબેન મિસ્ત્રીએ પૂરાં પાડેલ છે. તે માટે તેઓ પણ એટલા જ અભિનંદનના અધિકારી ખરાં જ.

સહયોગ ધરનાર સહુનું મા—પ્રભુ મંગલ કરે—એ જ પ્રાર્થના.

# પુનઃ મુદ્રણ—સહજ લીલાદર્શન લેખનું

**મંજુલાબેન ભાવસાર**

[જાન્યુ. ૨૦૦૩ ના અંકમાં શ્રી મંજુલાબેન ભાવસારનો પૂ. મા સર્વેશ્વરીની સહજ લીલાદર્શનનો જે લેખ છપાયેલો છે, તેમાં રજૂ કરેલ ઘટનાની નોંધોનો સંક્ષેપ કરવામાં ઘણી હકીકતો અપૂર્ણ તો કેટલાંકમાં તે લેખનનો હેતુ જ ન સચવાય તેવી રીતે ખામીભરી રજૂઆત પામી છે. તેથી તેઓએ લખેલ બધી જ ઘટનાઓને તે સ્વરૂપે ફરી એપ્રિલ, ૨૦૦૩ના અંકમાં છાપવાથી તેને યોગ્ય ન્યાય આપી શકાશે, એમ લાગવાથી તેમને તે રીતે ફરી છાપીએ છીએ.

જાન્યુઆરીના અંકમાં છપાયેલ અપૂર્ણ હકીકતોના પરિણામે કોઇ પણ વ્યક્તિઓને દુઃખ પહોંચ્યું હોય તે બદલ અમે દીલગીરીપૂર્વક ક્ષમા માગીએ છીએ. આ અંગેની ક્ષતિની બધી જવાબદારી સંકલન કરનાર ડો. જાગાણી અને તંત્રીની છે.

**—તંત્રી**]

(૧) પૂ. મા પ્રણામ બાદ કસરત કરે છે. અને દીવાનખંડમાં હીંચકા ઉપર બેઠાં છે. પ્રણામ, કસરત બાદ પૂ. મા પોતાના નિત્ય પાઠ કરે છે. તારક અને યોગેશ પૂ. મા પાસે આવે છે. પંડિતજીના શરીરની સ્થૂળતાની વાત થાય છે. શરીરની સ્થૂળતા વધતાં રોગોનો ભોગ બનાય છે. પૂ. મા મને લખીને કહે છે અમે ૧૨૫ વખત કૂદકા મારીએ છીએ અને વ્યાયામ કરીએ છીએ. બંને યુવાનોને પૂ. મા કૂદકા મારી બતાવે છે. પૂ. મા તાલબદ્ધ રીતે જુદી જુદી રીતે કૂદતાં હતાં. કેલગિરી શિબિરમાં પૂ. મા જાહેરમાં જુદી જુદી કસરતો બતાવતાં હતાં. મનની સ્વસ્થતા સાથે પૂ. મા તનની સ્વસ્થતા ઉપર



પણ એટલું જ ધ્યાન આપે છે. પ્રણામ, વ્યાયામ અને શરીર સુદૃઢતા ઉપર પૂ. મા ખૂબ ધ્યાન આપે છે.

(૨) રાત્રે પૂ. માના હીંચકાને વીંટળાઇને યોગેશ, તારક, દમયંતીબેન, ચંપાબેન, સ્નેહલ બેઠેલાં છે. યોગેશ સારું લખી શકે તેમ છે. તેને પ્રોત્સાહનની જરૂર છે. તે બોલી પણ સરસ શકે છે. પૂ. મા મારા લખાણની નોટ તેને વાંચવા આપે છે. યોગેશ સાથે બેસીને દમયંતીબેનને પણ ડાયરી લખવા કહ્યું હતું. યોગેશે પોતે લખેલા પ્રસંગો પૂ. માને સંભળાવે છે. પ્રસંગો ખૂબ સરસ લખાયા હતા. પૂ. મા સાથે ઘણા પ્રસંગોની વાતો કરે છે. પૂ. મા બીજા નવા પ્રસંગો યાદ કરાવે છે. ભવિષ્યમાં વ્રતી અને ચિન્મય વાંચશે તો કેટલો લાભ થશે! વ્રતી યોગેશભાઇનો પુત્ર છે અને ચિન્મય ભત્રીજો છે. પૂ. માએ બે દિવસ પહેલાં જ કહ્યું હતું કે બોલાયેલું હવામાં વિલિન થઇ જાય છે. લખેલું ઇતિહાસ બને છે. ભવિષ્યમાં તેમણે જ લખેલું તેમના બાળકોના સંસ્કાર સિંચનમાં કામ આવે છે. એ રીતે પૂ. મા જે પ્રેમ આપી રહ્યાં છે અને સર્વ પ્રકારે મદદરૂપ બની રહ્યાં છે તો લખીને પૂ. મા પ્રત્યેનું આપણું ઋણ અદા કરી શકીએ.

(૩) આજે ઉર્વશી, તેના પતિ ડો. મનીષ અને પુત્ર તપન સાથે પૂ. માને મળવા આવે છે. ઉર્વશી ભક્ત છે. પૂ. શ્રી પ્રભુનો અભિનય અનેકવાર કર્યો છે. ભૂજ અંજારના ધરતીકંપમાં દવાખાનું નાશ પામ્યું છે. બે મહિનાથી હિંમતનગર હોસ્પિટલ ચાલુ કરી છે. પૂ. મા તેઓને મળે છે. ડો. મનીષને પૂ. મા હોસ્પિટલ અંગે વિગતે પૂછે છે. હોસ્પિટલ શરૂ કર્યા પછી કોમી તોફાનોને કારણે હોસ્પિટલ પર અસર પડી છે. પૂ. મા ડો. મનીષને હિંમત આપે છે. અને પોતે કેવી રીતે મદદરૂપ થાય તેવી ભાવના વ્યક્ત કરે છે.

તપન સાથે પૂ. મા રમે છે, મુખારવિંદ અને હસ્તના અભિનયદ્વારા વાતો કરે છે. તપનને ખિસ્સા ભરી લોલીપોપ, બિસ્કીટ અને સંતરું આપે છે.

પંખા ઉપર નાનો 'શો માટે'નો ગોળ દડો લગાડેલો લતો તે પંખા સાથે ફરતો હતો. તપનને તે લેવાની ઈચ્છા થઇ. પૂ. મા તરત જ હેમલને બોલાવે છે, હેમલ ટેબલ લાવી તે દડો કાઢે છે. અને બાળકને તે દડો આપવામાં આવે છે. ડો. મનીષ સાથે ઉર્વશીના સ્વભાવ તેના પરિવાર અને ઉર્વશીની પસદંગી કેવી રીતે કરી વગેરે વાતો થાય છે. તેઓના જમવાના પૈસા પૂ. મા આપે છે. ડો. મનીષને કંપની આપવા માટે ભોજાણીભાઇને ખાસ કહેવામાં આવે છે. વિદાય વખતે તપનને ચોકલેટ, ટ્રે, વોટરબેગ વગેરે આપે છે. હું, ગાયત્રી અને મયૂરી ઝાંપા સુધી વિદાય આપવા જઇએ છીએ. પિયર આવેલી છોકરીની જે રીતે આગતા—સ્વાગતા થાય તે રીતનો પૂ. માનો ઉર્વશી સાથેનો વ્યવહાર હતો. ખૂબ શાંતિ અને આનંદથી વિદાય થયા. ગૃહસ્થ ન કરે તેવો આદરસત્કાર પૂ. માએ આ પરિવાર સાથે કર્યો. અને ગૃહસ્થ ધર્મનું પાલન કેવી રીતે થાય, તે પ્રત્યક્ષ આચરણ-દ્વારા બતાવ્યું.

(૪) ભૂપેશભાઇ લાંબા સમયથી પૂ. માના સત્સંગમાં આવે છે. પૂ. મા માટે હૃદયમાં ખૂબ ભક્તિભાવ છે. પરંતુ પૂ. મા સાથે હજીસુધી મુલાકાત થઇ નથી. પૂ. મા આજે ખાસ યાદ કરી તેમને બોલાવે છે. પૂ. મા તેઓ નિત્યક્રમમાં શું શું કરે છે તે પૂછે છે. ભૂપેશભાઇ કહે છે આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવી છે. પૂ. મા કહે તો વધારે નિયમ લેવા પડે. તેઓ પોતાના પિતાની સેવા સારી રીતે કરે છે. પૂ. મા કહે છે પિતાની સેવા તો સૌથી મોટી સાધના છે.



પિતા તરીકે સેવા કરશો તો મમત્વ થશે. દેવ માનીને સેવા કરશો તો સાધના થશે. ઇંગ્લેન્ડના એક ભાઇની પૂ. મા વાત કરે છે. તે માતાની ખૂબ પ્રેમથી સેવા કરતા. અને રોજ પગે લાગી પ્રાર્થના કરતા કે તમે ઘણું જીવજો. મને તમારી સેવા કરવાની ગમે છે. પિતૃ-દેવો ભવ ને માતૃદેવો ભવના પાઠ પૂ. મા પ્રત્યક્ષ રીતે બતાવે છે.

★ ★ ★

(૫) તરલાબેનનો ફોન આવે છે. તેઓ ભગવાન રમણ-મહર્ષિના અનન્ય ભક્ત છે. પૂ. માની પાસે આવ્યા પછી પૂ. માના વિરાટ વ્યક્તિત્વમાં મહર્ષિના દર્શન કરે છે. સ્વજનોએ તેમની સાથે જે વ્યવહાર કર્યો તેની વાત કરતાં કહે છે કે પૂ. માના સત્સંગના પરિણામે મારા મનપર આવા વ્યવહારની બહુ અસર થતી નથી. પૂ. મા લખે છે—માન જા—અપમાન જા—રાગદ્વેષ જા. પૂ. મા સાડી ઉપરની ધૂળ ખંખેરતાં હોય તેવો અભિનય કરે છે. માન—અપમાન બંનેને મન ઉપરથી હટાવી દેવાં—જોઇએ. દૂર કરી દેવાં જોઇએ. જે પાણીદાર હોય તે પ્રભુના દ્વારે પહોંચે.

(૬) ઘણા સમયથી પૂ. મા જાતે જ રુચિ પ્રમાણે ફળ કાઢી આપે ને તે જ ફળોને ધોઇને પૂ. મા માટે રસ કાઢવાનો હોય છે. ઘણીવાર પૂ. મા જાતે પણ રસ કાઢે છે. ફળ પણ ડીસમાં મૂકે તો કોઇવાર ફળ મૂકીને ટ્રે જાતે જ લઇને નિયમ પ્રમાણે પ્રભુ પાસે મૂકે છે. રસોડામાં માતા આપણી સાથે સહજ કામ કરતી હોય તેવું જ પૂ. માનું છે. પૂ. મા સહજ રીતે આવી રસોડામાં કામ કરે છે. પૂ. મા કામ કરે અને હું મદદનીશ બની ચમચી, ચપ્પુ, વાસણ વગેરે આપું. પૂ. માએ સંતરા એક પાત્રમાં કાઢ્યાં હતાં. મેં બધાં જ સંતરાનો રસ કાઢ્યો. રસ થોડો વધારે નીકળ્યો. પૂ. માએ રોજના જેટલો જ રસ લીધો. બાકીનો રસ એક ગ્લાસ ભરીને બાજુ પર મૂક્યો. પછી

રસવાળો ગ્લાસ મારા લાથમાં આપતાં કહે તારકને તમે આ રસ જાતે ઊભા રહી પીવડાવજો. તારક સ્વર્ગારોહણમાં થતા બાંધકામને લગતું સઘળું કામ સંભાળે છે. તાપમાં પણ તે સતત ઊભો હોય છે. બાંધકામ અંગે કોન્ટ્રાક્ટરને મળવાનું—બાંધકામ માટે સિમેન્ટ—રેતી—કપચી વગેરેના ઓર્ડર આપવા, મજૂરો પાસેથી કામ લેવાનું વગેરે ઘણાં કામો સાથે જોડાયેલો છે. અને સાથે સાથે ભક્ત અને સેવક પણ છે. પૂ. મા આ રીતે કામ કરતા બાળકને માતા બનીને સંભાળ રાખી રહ્યાં છે.

જેના અંતરમાં વિવેકની જ્યોત અખંડપણે જલ્યા કરે છે. પ્રાર્થના તેના માટે એક રસાયન બની જાય છે.

—યોગેશ્વરજી

ફોન : ૨૩૨૧૦૭૦૭, ૨૩૨૨૧૮૧૦
મોબાઈલ : ૯૮૨૫૧૩૭૩૫૫

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



### પૂ. શ્રીની ૧૯ મી પુણ્યતિથિની

# સાધનાત્મક ઉજવણી

**નારાયણ હ. જાની**

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ૧૯ મી પુણ્યતિથિ તા. ૧૮ માર્ચ, ૨૦૦૩ અંબાજી ખાતે સ્વર્ગારોહણમાં આ વર્ષે અનોખી રીતે ઉજવવા પૂ. માએ આગલા દિવસે આ પ્રમાણે માર્ગદર્શન આપ્યું.

કુલ ૬૦૦ માળાઓ કરવાની છે. આજે ૩૦૦ કરો (તા. ૧૭ મીએ) અને કાલે ૩૦૦ કરો.

એ સાધના વ્યક્તિગત છે પોતે જ પોતાના ચોકીદાર બનીને પૂર્ણ વફાદારીથી કોઈ ૧ નિયમ લઈને તે આવતીકાલે રાતસુધીમાં પૂરો કરવાનો રહેશે.

૬૦,૦૦૦ મંત્રજપ દરેક ભક્ત પોતાની પસંદગીના મંત્રના જપ કરશે.

જેને જપમાં રસ નથી તે ધ્યાનમાં ૩ કલાક આજે અને ૩ કલાક કાલે બેસી શકે.

એ જ રીતે જેને જપમાં રસ નથી તે ૧૦૮ વાર શ્રી યોગેશ્વર સ્તુતિ, મનગમતા પાઠ, આરતી, લીલામૃતના પાઠ કરી શકે છે.

૧૦૮ પ્રદક્ષિણાનો (કુટિયાની) પણ વિશેષ નિયમ લઈ શકાય. જે પણ નિયમ લો તે સંપૂર્ણ મૌન રહીને પાળવાનો છે. મેડિકલ કેમ્પ અને અન્ન વિતરણમાં સતત ધૂન ને ઘોંઘાટમાં એ કાર્યક્રમ પૂર્ણ થયા.હવે જાત ઉપર સંયમ. મૌન પાળી તો જુઓ.

નિયમો પાળવા સ્વર્ગારોહણમાં વિશાળ જગ્યા છે.બાગ, કુટિયા, પ્રાર્થના ખંડ, હોલ, કોઈ પણ સ્થાન શોધીને નિયમો પાળો. અગાસી, યોગતીર્થની લોબી પાછળ મંચ ઉપર બેસીને પણ નિયમો પાળી શકાય. ૬૦ કલાક પદ્માસન તો ના વળે, માટે ૦ાા ૦ાા કલાકની કે ૧—૧ કલાકની કે ૧૫ મિનિટની પદ્માસનની ૨૫ બેઠક તો કરી જુઓ. બધા જ સાત્ત્વિક પ્રયોગો આપણે જ આપણી જાત ઉપર કરવાના છે.

શ્રી ગુરુભગવંતને આપણે આપણા પવિત્ર નિયમો શ્રીચરણે ધરીને દરેક ભક્ત વ્યક્તિગત ઉત્સવ ઉજવશે. સૌ પોતાના રૂમોમાં પણ દિવસે સૂવાનું ટાળજો. સૌ પોતાના નિયમોમાં પ્રામાણિક રહે. નિયમો પૂરા થઈ જાય તો બીજા વધારાના નિયમો લે.

બને ત્યાંસુધી આવતીકાલે મૌન રાખે. જપ, પાઠમાં રસ ના હોય તો વાચનનો પણ નિયમ લઈ શકે. નિયમો લઈને આપણે જ આપણું ઘડતર કરીએ. આપણે જ મૌન રહી પ્રભુની શાંત કૃપાને ઝીલવા સમર્થ થઈએ.

આવતીકાલે અહીં ભોજન બંધ છે ફળ દૂધ રસોડામાંથી મળશે.

સવારે એક ગ્લાસ દૂધ, બપોરે એક ગ્લાસ છાસ અને ફળો સાંજે એક ગ્લાસ દૂધ ને ફળો.

૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધો, અશક્ત, માંદાને છૂટ છે, બાળકોને પણ ખલેલ ના પહોંચાડવા માતાઓ સાવધાન રહે.

આવતીકાલે ૧૮ મી માર્ચ છે. આપણા સૌ માટે એ ગંભીર ચિંતનનો એ દિવસ છે. તો આવતીકાલે આપણે સૌ ઉપવાસ કરીએ.

આ વિગતો જોતાં લાગશે કે પૂ. માએ આવા પવિત્ર દિવસોના



પ્રસંગે મૌન રાખવા અને ઉપવાસ કરવા ઉપરાંત દિવસ દરમ્યાન અને રાતે જાગીને પણ સાધનાત્મક કરેલા સંકલ્પો પૂરા કરવા માટે પ્રામાણિક પુરુષાર્થ કરવા પર ખાસ ભાર મૂક્યો છે. તા. ૧૭ મીની રાતે પૂ. માએ અખંડ જાગરણ કરીને પોતાના ૬૦૦ માળાના સંકલ્પને સાધકો વચ્ચે ફરતાં રહીને પૂરો કર્યો. તો સરસ મજાની ચાંદનીમાં સાધકોએ સંપૂર્ણ મૌન પાળી, ધ્યાન, જપ કે પ્રદક્ષિણાઓ કરી, સરસ શિસ્ત પાળી, પૂ. માને પ્રસન્ન કરી દીધાં. મોટા ભાગના સાધકો પોતપોતાને યોગ્ય અને અનુકૂળ લાગ્યું તે સ્થળ પસંદ કરી, મંત્રજપમાં લાગી ગયા. તો વળી કેટલાક રાત દરમ્યાન કુટિયાની પ્રદક્ષિણા કરતા જણાયા. પ્રાકૃતિક શીતળતા અને રાત્રિની નિતાન્ત શાન્તિને સાધકોએ મૌન જાળવી, સરસ રીતે માણી. પોતાની વ્યક્તિગત સાધનાની સાક્ષી બનાવી દીધી.

કુલ ૨૫૦ સાધકોમાંથી ૬૦ જેટલા સાધક ભાઈબહેનોએ પૂ. ગુરુદેવની પુણ્યતિથિ નિમિત્તે જે આધ્યાત્મિક સંકલ્પો પૂરા કર્યા તેની વિગત નીચેના કોઠામાં દર્શાવી છે.

૧૮ માર્ચની પાવન પૂર્વ સંધ્યાએ સ્વર્ગારોહણની ભૂમિ ઉપર ૨૫૦ સાધકો સાધનાપરાયણ જીવન જીવીને સૌએ વ્યક્તિગત ઉત્સવ મનાવ્યો, તેની આ ઝલક :

| **ક્રમ** | **નામ** | **પ્રકાર** | **પૂર્ણ** |
|---|---|---|---|
| ૧ | પૂ. મા | ૬૦૦ માળા. | હા. |
| ૨ | માયા ભક્ત | ૬૦૦ માળા, ૧૧૧ પ્રદક્ષિણા, નિર્જળા, મૌન, ૬૦ પ્રણામ. | હા. |
| ૩ | ડો. મેનાબેન જાળિયા | ૯૧૮ માળા, ૨ કલાક પદ્માસન, વાંચન. | હા. |
| ૪ | મહાલત્તાબેન કોન્ટ્રેક્ટર | ૨૦૦ માળા, મા જે સોંપે તે કામ. | હા. |

| | | | |
|---|---|---|---|
| ૫ | મયુરી ટેલર | ૧૦૦૦ માળા, ૬ કલાક પદ્માસન, નિયમ પૂર્ણ થયા ત્યાંસુધી મૌન. | હા. |
| ૬ | મંજુલાબેન અમીન | ૫૦૦ માળા, કુટિયા અને પ્રાર્થના-ખંડની સફાઇ. | હા. |
| ૭ | નારાયણભાઇ જાની | ૧૫૧ પ્રદક્ષિણા, ૩ કલાક વાંચન, ૨ કલાક ધ્યાન, ૧૫ વિષ્ણુસહસ્ર-નામ પાઠ, ૨ કલાક પદ્માસન, નાની ૫૦૦ માળા, ૨૪ કલાક મૌન. | હા. |
| ૮ | દમયંતીબેન ભક્ત | ૬૦૦ માળા, મા જે સોંપે તે કામ. | હા. |
| ૯ | વીનુભાઇ અમીન | ૩ કલાક ૪૫ મિનિટ ધ્યાન, મૌન, ૬ કલાક પુસ્તક વિતરણ સેવા. | હા. |
| ૧૦ | કલ્યાણ | ૧૦૮ પ્રદક્ષિણા, ૧૦૮ બાવની, ૨ કલાક જપ. | હા. |
| ૧૧ | હરિશભાઇ કોન્ટ્રાક્ટર | ૧૧૧ પ્રદક્ષિણા, ૬૦૦ માળા, લીલામૃત પાઠ, ૬ કલાક ૨૦ મિનિટ પદ્માસન. | હા. |
| ૧૨ | મહેન્દ્રસિંહ વાસહીયા | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, જાગરણ. | હા. |
| ૧૩ | ડો. હરેન્દ્ર સુરતીયા | ૬૧૧ માળા, નિર્જળા, ૧૧૧ પ્રદક્ષિણા. | હા. |
| ૧૪ | દીપકભાઇ મહેતા | ૬૦૦ માળા. | હા. |
| ૧૫ | જે. કે. સેવકરામ | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, શક્રાદય સ્તુતિ. | હા. |
| ૧૬ | પ્રદ્યુમન શુક્લ | ૧૦૮ પ્રદક્ષિણા, ૬૦૦ માળા. | હા. |
| ૧૭ | દીપુ | નિર્જળા, ૬૦૦ માળા. | હા. |
| ૧૮ | ગાયત્રી વ્યાસ | ૬૦૦ માળા, ૧૫૧ પ્રદક્ષિણા. | હા. |
| ૧૯ | તારકભાઇ | ૧૫ કલાક મંત્રજાપ, નિર્જળા. | હા. |
| ૨૦ | નિર્મળાબેન ટેલર | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, ૬ કલાક પદ્માસન. | હા. |
| ૨૧ | આનંદ ભટ્ટ | ૬॥ કલાક પદ્માસન, ૬૦૦ માળા. | હા. |



| | | | |
|---|---|---|---|
| ૨૨ | નિલેષ કણજારિયા | ૫૦૦ માળા. | હા. |
| ૨૩ | ડો. પીયૂષ જોષી | ૬૦૦ માળા, ૧ કલાક ધ્યાન, નિર્જળા. | હા. |
| ૨૪ | હેમલ મહેતા | ૬૦૦ નાની માળા. | હા. |
| ૨૫ | રાજીવ જાની | ૫૦૦ પ્રણામ, લીલામૃતનો પાઠ. | હા. |
| ૨૬ | સ્નેહલ પુરોહિત | ૬૦૦ માળા, ૬૦૦ પ્રણામ, પાણીપર ઉપવાસ, જાગરણ. | હા. |
| ૨૭ | વૈભવ | ૩૦૦ માળા, ૨૧૬ પ્રદક્ષિણા, નિર્જળા, જાગરણ, ૬ કલાક મૌન. | હા. |
| ૨૮ | પ્રભુભાઇ હળવદિયા | ૪ કલાક જપ, સ્વર્ગારોહણની સેવા, ૨૫ પ્રદક્ષિણા. | હા. |
| ૨૯ | ઇન્દુબેન ગોહિલ | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, નિર્જળા, વિષ્ણુસહસ્ર, જાગરણ. | હા. |
| ૩૦ | રાજુભાઇ જાની | ૩૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, જાગ-રણ, ૪ કલાક પદ્માસન. | હા. |
| ૩૧ | ઉર્વશીબેન જાની | ૮૦૦ માળા, નિર્જળા. | હા. |
| ૩૨ | રંજનબેન ઠાકર | ૧૦૮ બાવની, ૧૦૮ પ્રદક્ષિણા, લીલા-મૃત, મૌન, ૧૧ હનુમાન ચાલીસા. | હા. |
| ૩૩ | પ્રભાબેન પટેલ | ૬ કલાક મંત્રજાપ, ૪ કલાક પદ્માસન, ૩૦ બાવની, નિર્જળા, ૨૧૬ પ્રદક્ષિણા. | હા. |
| ૩૪ | શોભનાબેન ભટ્ટ | ૬૦૦ માળા, નિર્જળા,૧૦૮ પ્રદક્ષિણા, મૌન. | હા. |
| ૩૫ | દમયંતીબેન ઠાકર | ૬૦૦ માળા, ૨ કલાક ધ્યાન, મૌન, દર ૧૮ મીએ મૌન રાખવાનો નિયમ. | હા. |
| ૩૬ | ભાનુબેન જામ્બુચા | ૫૭૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, મૌન. | હા. |
| ૩૭ | મધુબેન જાગાણી | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, ૨૧ બાવની, નિર્જળા, જાગરણ. | હા. |
| ૩૮ | ઇલાબેન ભક્ત | મૌન, ૬૦૦ માળા, ૬ કલાક પદ્માસન, ૧૫૧ પ્રણામ, ૧૦૮ પ્રદક્ષિણા, નિર્જળા, લીલામૃત, ૧૧ બાવની. | હા. |

| | | |
|---|---|---|
| ૩૯ જ્યોતિબેન ભગત | ૧૦૮ પ્રદક્ષિણા, ૫ બાવની, મૌન, ૪૦૦ માળા. | હા. |
| ૪૦ હસુબેન જોષી | ૬૦૦ માળા, ૧૦૧ પ્રદક્ષિણા, મૌન, ૧૫૧ પ્રણામ, શિવમહિમ્ન, વિષ્ણુ-સહસ્ર પાઠ, ૨૧ બાવની. | હા. |
| ૪૧ મુક્તાબેન પટેલ | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા. | હા. |
| ૪૨ વજીબેન પટેલ | ૮૦૦ માળા, ૨૫ પ્રદક્ષિણા, લીલામૃત ૧ અધ્યાય, વિષ્ણુસહસ્ર પાઠ, ૩ શિવ-મહિમ્ન. | હા. |
| ૪૩ ચંપાબેન જોષી | ૭૦૦ માળા, મૌન, ૫૧ પ્રદક્ષિણા, લીલામૃત. | હા. |
| ૪૪ દિવ્યેશ લેખડિયા | ૬૦૦ માળા, પાણી પર ઉપવાસ. | હા. |
| ૪૫ ધરા શુક્લ | ૧૨૦૦ નાની માળા, ૧૦૮ પ્રદક્ષિણા, ૨૧૬ બાવની, ૧ કલાક પદ્માસન. | હા. |
| ૪૬ મંજુલાબેન ભાવસાર | ૬૦૦ માળા. | હા. |
| ૪૭ કલ્પુબેન | માનસિક જપ, નિર્જળા, વાંચન, પૂ. માનું કામ. | હા. |
| ૪૮ નીલાબેન ભટ્ટ | ૪૦૦ નાની માળા, ૧૧ બાવની, ૧૦૮ પ્રદક્ષિણા. | હા. |
| ૪૯ રંજનબેન દેસાઇ | ૬૦૦ માળા, ૨૫ બાવની, રસોડાની સેવા. | હા. |
| ૫૦ અરુણાબેન ઠાકર | ૬૦૦ માળા, મૌન. | હા. |
| ૫૧ વલ્લભભાઇ જાવિયા | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા. | હા. |
| ૫૨ બીજલ ભટ્ટ | ૩૦૦ નાની માળા, ૧૦૮ પ્રદક્ષિણા. | હા. |
| ૫૩ વસંતભાઇ | ૬૦૦ માળા. | હા. |
| ૫૪ મુક્તાબેન | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા. | હા. |
| ૫૫ ચિરાગ | ૨૦૦૦ મંત્રજપ, ૧૦૮ પ્રદક્ષિણા, ૧ કલાક પદ્માસન. | હા. |
| ૫૬ ઘનશ્યામભાઇ દેસાઇ | ૩૦૦ માળા. ૧૧ બાવની. | હા. |



| | | |
|---|---|---|
| ૫૭ કાન્તાબેન | ૧૦૮ પ્રદક્ષિણા, ૬૦૦ માળા, નિર્જળા, મૌન. | હા. |
| ૫૮ હસુબેન ગોહિલ | ૮૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, નિર્જળા, જાગરણ. | હા. |
| ૫૯ કુંદનબેન ગોહિલ | ૬૦૦ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, જાગરણ. | હા. |
| ૬૦ હરિભાઇ ભોજાણી . . | સવા લાખ જપ ૨૪ કલાકમાં, લીલામૃત પારાયણ. | હા. |

પૂ. માએ વિવિધ સાધનાત્મક વિકલ્પો આપીને સાધકોની ભિન્ન ભિન્ન રૂચિઓને એક સરસ આધ્યાત્મિક દિશાનો મોડ આપ્યો. તો પૂ. માએ એ પણ સૂચવ્યું કે કેવળ મંત્રજપ, કે ધ્યાનથી પેદા થતી નીરસ એકતાનતા Monotonousness દૂર કરવા સાત્ત્વિક વાંચનનો આશ્રય પણ લઇ શકાય. પૂ. મા આ બધા દ્વારા એ સૂચવવા માગે છે કે જે કંઇ કરો તે ખૂબ ભાવપૂર્વક સમજીને—શ્રદ્ધા સાથે કરો. સાત્ત્વિક વાંચન પણ સત્સંગની ગરજ સારે છે.

આપણને એવું શું નથી લાગતું કે આવી પુણ્યતિથિઓ આપણે આપણા ઘરે પણ સરસ ભાવપૂર્વક આધ્યાત્મિક સંકલ્પો કરી, ઉજવી શકીએ? પૂ. મા તો રાહ ચીંધવાનું કામ કરે છે, એક નવો વિચાર આપે છે, તેનું પાલન કેમ કરાય, તે પોતે આચરી બતાવે છે, પછી તો વ્યક્તિએ પોતાના જીવનમાં એનો અમલ કેમ કરવો, તે તો જાતે જ નક્કી કરવું પડેને!

એક દિવસનો મૌન અને ઉપવાસ રાખી, કરાયેલ આ વ્યક્તિગત સાધનાનો પ્રયોગ સહુને ખૂબ ગમ્યો. પૂ. માની પ્રત્યક્ષ ઉપસ્થિતિ અને પ્રેરણાએ તેને વધુ ફળપ્રદ બનાવ્યો. પૂ. માએ કહ્યું કેલગરીમાં એકધારો આવો કાર્યક્રમ ૧૫ દિવસ ચાલે. તેથી તો તેનું નાનુંમોટું પરિણામ ભાગ લેનારના જીવનમાં વત્તાઓછા પ્રમાણમાં દેખાયા વિના રહે જ નહિ.

# અન્ન વિતરણ કાર્યક્રમના પ્રારંભે

**મા સર્વેશ્વરી**

આજનો આ અન્ન વિતરણનો યજ્ઞ દૂર દૂર પનામા દેશની આપણા સત્સંગ મંડળની બેનો તરફથી છે.

એ બધી બેનો નિયમિત લીલામૃત પારાયણ આપણી અહીંની પ્રાર્થના ને નાની શિબિર પણ કરે છે. વળી એક બાળમંડળ પણ ચલાવે છે.

તે બધી જ બેનોએ આ વરસે અન્ન વિતરણ થાય તેના ખર્ચ માટે આર્થિક સહયોગ આપ્યો છે.

સર્વમંગલ ટ્રસ્ટ જેને શુભકર્મો કહે છે, તેમાં તેમાં દરેક ભક્તો પોતાની રીતે ઊભા રહે છે. વરસો પહેલાં કપૂરાથી શ્રી વસંતભાઇ ગુલાબબેન પનામા ગયાં. તો ગુલાબબેનના માતાપિતાએ પૂ. શ્રીનો પરિચય વસંતભાઇ ને ગુલાબબેનને કરાવ્યો.

જીવનમાં એક જ વાર ૧૯૮૩ માં કપૂરામાં પૂ. શ્રીના તેઓ દર્શન પામ્યા. તેમણે પૂ. શ્રીના ભજનોનું પણ ૧ પુસ્તક આપ્યું છે.

તે શ્રી વસંતભાઇ તથા ગુલાબબેને પનામામાં માને ત્રણ ત્રણવાર અતિ આગ્રહ કરીને તેડ્યાં. ને પોતાની રીતે સત્સંગ, શિબિરો યોજે છે. કેટકેટલાને ત્યાં જગાડ્યા છે.

આજે શ્રી કાન્તાબેને આ કાર્ય ગુલાબબેન વતી ઉપાડ્યું ને દરેક બેનોના સહયોગથી આજનું આ યજ્ઞકાર્ય થયું છે. જેમણે જેમણે તેમાં સહયોગ ધર્યો છે તે તે ધન્યવાદને પાત્ર છે.

પનામા સત્સંગ મંડળ વતી શ્રી મટુબેન અહીં હાજર છે. તેઓ પણ ઊભા થશે ને પનામાની બધી બેનો વતી ૧ ગુણ તેઓ અહીં આવીને આ કાર્યક્રમને ગૌરવ ધરશે.

પનામાનું એ મંડળ સેવા કાર્યો કરતું રહે એવી પ્રાર્થના છે. ▯



### અંબાજી ખાતે

# અન્ન અને વસ્ત્રવિતરણ કાર્યક્રમ

**તંત્રી**

કોઇને કંઇ પણ આપો તો પ્રેમ, સન્માન ને સદ્‌ભાવપૂર્વક આપો.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું સાધકોને આપેલ શીખનું આ સૂત્ર છે. શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વની ઉજવણીના બીજા દિવસે—અન્ન અને વસ્ત્ર વિતરણ કાર્યક્રમ તા. ૧૭—૩—૦૩ ના રોજ સ્વર્ગારોહણ અંબાજી ખાતે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાયો. અંબાજી આસપાસનાં ૧૪ અંદરનાં ગામોમાં વસતા અશક્ત, અપંગ અને અનાથ એવા ૨૧૦ પરિવારોના ભાઇબહેનોને દરેકને ૨૦ કીલો અનાજ અને સરસ મજાનાં કપડાંનું વિતરણ પૂ. માએ પોતે પ્રારંભ કરીને દરેક સાધકના હસ્તે કરાવી—સત્કર્મ શોધીને કેમ થાય તે દર્શાવ્યું. તેમ જ તેવા સત્કર્મના ભાગી બનાવ્યા.

અંબાજી આસપાસના ગામોમાં છેલ્લા ત્રણ—ચાર વર્ષથી સતત દુષ્કાળની પરિસ્થિતિ છે ત્યારે આવી થોડી સરખી સહાય પણ આવા પરિવારોને આશીર્વાદરૂપ બની રહે છે. આ બધાં જ ગામોમાં સ્થાનિક ભાઇઓનો સહકાર લઇ, શ્રી સ્નેહલભાઇ અને શ્રી હેમલભાઇ મહેતાએ જાતે ફરી સહાયને પાત્ર વ્યક્તિઓ શોધી કાઢી હતી. પૂ. માએ સેવાનું આવું સરસ કામ કરવા બદલ તેમને અભિનંદન આપી બીરદાવ્યા હતા.

આ ઉપરાંત આ બધાં ભાઇબહેનોને શ્રી મોહનભાઇ ભૂરાભાઇ પટેલ, તરફથી પ્લાસ્ટીકની પ્લેટ અને બે વાટકા, તો બેનશ્રી માયા તરફથી પ્લાસ્ટીકના પ્યાલા આપવામાં આવ્યા હતા,

તો વળી નાના બાળકોના હાથે દરેકને એક વાટકામાં મોહનથાળનો પ્રસાદ પણ વહેંચવામાં આવ્યો હતો.

તપાસ કરીને પૂ. માએ તો પહેલેથી એ વ્યવસ્થા કરી રાખી હતી કે આ બધા ગરીબોને તેઓને ગામ પાછા ફરવામાં શો ખર્ચ થાય. તે માટે તેઓએ રૂા. ૫૦ નો વાહન ખર્ચ અંદાજી બધાં માટે રૂા. ૧૦,૫૦૦ ની રકમ પોતે સાથે લાવ્યાં હતાં જ.

પરંતુ આવું સારું અન્નવિતરણનું સત્કર્મ દરેક સાધક પાસે પૂ. માએ કરાવ્યું તો દરેક સાધક પોતે પણ કંઇક આપે—એ માટે પૂ. માએ સૂચવ્યું કે દરેક જણ પોતે આ ગરીબોને પોતાના ઘરે પાછા ફરવા માટે રૂા. ૫૦ ની સહાય કરે. તો બધા જ સાધકોએ કુલ રૂા. ૧૦૫૭૦ ની રકમ પૂ. મા સમક્ષ ધરી દીધી. જાણે પ્રભુએ જરૂરી ૧૦૫૦૦ ની આવશ્યકતા આમ પૂરી કરી દર્શાવ્યું કે પૂ. માના આવા શુભસંકલ્પ પૂરા કરવા તેઓ તૈયાર બેઠા છે.

હરિદ્વાર અને ઋષિકેશથી આવેલ પૂ. મા પ્રભુના ભક્તો શ્રી મુનીન્દ્રજી, શ્રી દીનેશચંદ્રજી તેમ જ શ્રી જગરૂપસિંહ ને શશીધરપ્રસાદને પણ આ સત્કર્મોમાં સહભાગી થવાનો લાભ પૂ. માએ ખાસ કાળજી રાખી અપાવ્યો.

આ કાર્યક્રમની વિશેષતા તો એ હતી કે વિતરણ કરતી વખતે લેનારને આપનાર એવા ભાવથી પ્રણામ કરતો કે જાણે તેઓએ અહીં આવીને આ સાધકોને સત્કર્મ કરવાની તક આપી ઉપકૃત કર્યા છે. વળી પૂ. માએ પોતાના હાથે દરેક લાભાર્થીને વાહન ખર્ચપેટે રૂા. ૫૦ આપવા માંડ્યા ત્યારે તો તેઓના મુખ ઉપર આનંદ અને ખુશીની લહેર વરતાઇ આવતી હતી. વળી જે લોકો અશક્ત કે અપંગ હતા તેમને પાછા જવામાં સાધકોએ સહાય કરી હતી. આવું બધું તો એક નિઃસ્વાર્થ જગજનની મા જ વિચારી શકે.



આ અસહાય પરિવારોમાં ચાર બાળકો એવાં હતાં જેમનાં મા અને બાપ બન્ને ન હતાં. તેમાં સૌથી મોટી ૧૦—૧૧ વર્ષની બેન મજૂરી કરી લાવી તેમનું શક્ય તેટલું પોષણ કરતી હતી. તેમના માટીની દિવાલોવાળા છાપરાને માથે છત પણ ન હતી. તદ્દન ભગવાનના ભરોસે જ આ બાળકો જીવી રહ્યાં હતાં. પૂ. માએ તેમના કાચા ઘરને પતરાંથી ઢાંકી દેવડાવ્યું. તેમ જ ઘરમાં વસ્તુઓ અને વસ્ત્રો રાખવાનો એક પટારો પણ તેઓને આપ્યો. વળી સાધકો પાસેથી સ્વેચ્છાપૂર્વક થેલાઓ ભેગા કરીને આ અભાવગ્રસ્ત પરિવારોને વસ્ત્રો રાખવા પૂ. માએ થેલા આપ્યા. પૂ. માનો ભાવ એવો હતો કે આપણે તો આવો બીજો થેલો ખરીદી શકીશું, પરંતુ આ ગરીબ લોકો તો એમના જીવનમાં આવી વસ્તુ કદી લઇ શકવાના નથી, તો ચાલો, તેમને પ્રસન્નતાપૂર્વક આપીએ. આમ સાતેક ગરીબોને એનો લાભ મળ્યો.

પૂ. માએ એ પણ જોયું કે જે ગરીબો બીમાર છે અને સ્વર્ગારોહણસુધી આવી પણ શકે તેમ નથી. તેઓને તેઓના હિસ્સાનું અનાજ, કપડાં વગેરે તેમને ઘેર બેઠાં પહોંચાડવાની વ્યવસ્થા પણ કરી, આવું તો કયો દાતા કરે? કેવળ કરુણામૂર્તિ મા જ આવી વ્યક્તિઓની મજબૂરી સમજી તેમની મદદે ઊભાં રહે! વંદન છે તમારી કરુણાને અને આપની સૂઝને!

★ ★ ★

## આદિવાસી નિવાસી શાળાની બહેનોને વસ્ત્ર વિતરણ

દર વર્ષે પૂ. મા અંબાજીની આદિવાસી નિવાસી શાળાની બહેનોને વસ્ત્રો વગેરે કંઇ ને કંઇ આપતાં જ રહે છે. તો આ વર્ષે પણ એમાં અપવાદ શું કામ કરે? એટલે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના પરમ ઉપક્રમે પૂ. શ્રી યોગેશ્વરજીની ૧૯ ી પુણ્યતિથિના દિવસે

છાત્રાલયમાં હાજર ૨૪ બહેનોને બોલાવીને દરેક બહેનોને બે જોડી તૈયાર કપડાં (ચણિયા–ચોળી) તેમ જ એક ડ્રેસનું મટિરીયલ, પ્લાસ્ટિકની થાળી, વાટકા, પ્યાલા ઉપરાંત પ્રસાદ આપ્યો. હોળીના તહેવારોનું મહત્ત્વ અહીંની આદિવાસી પ્રજાને મન ખૂબ મોટું હોય છે. પરંતુ આ બધી બહેનો આ વર્ષે એસ. એસ. સી.ની પરીક્ષા આપવાની હોવાથી હોળી નિમિત્તે પોતાના ઘરે ગઇ નથી.

આ વસ્ત્રવિતરણ કાર્યક્રમ અંગેનો આર્થિક સહયોગ કેનેડાના શ્રી વાસુદેવભાઇ અને શ્રીમતી પદ્માબેન તરફથી આપવામાં આવ્યો છે. વળી પૂ. માને એ વિચાર પણ આવ્યો કે આ ડ્રેસ આ બહેનો ક્યાં સિવડાવશે અને તેનો ખર્ચ બધાં બહેનો કરી શકશે કે કેમ? તેથી તેઓએ તુરત જ સૂચવ્યું કે સ્વર્ગારોહણની સાધક બહેનો શ્રીમતી મધુબેન જાગાણી અને શ્રી ઇન્દુબેન ગોહિલ દરેકના માપ પ્રમાણે ડ્રેસ બનાવી આપશે.

આવું તો કોણ વિચારે! એટલે જ એ સહુની મા. —**તંત્રી**

આટલી બધી વસ્તુઓ એક સાથે પામીને આ આદિવાસી દીકરીઓ ખૂબ પ્રસન્ન થઇ ગઇ હતી. તો જ્યારે પૂ. માએ તેમના ડ્રેસ સીવીને આપવાની વાત કરી, તો આ બહેનોની ખુશીમાં ઓર વધારો થયો.

પૂ. માનો એ સતત ભાવ કે જે આપો તે સરસ અને ભાવથી આપો. લેનારને લેતા ભાર ના લાગે કે સંકોચ ના થાય તે રીતે આપો, તો દેનારના મનમાં પોતે કંઇ દઇ રહ્યો છે. એવો અહં પેદા ના થાય, તેવી જાગૃતિ સાથે અપાય તો એ ક્રિયા ઉત્તમ સત્કર્મ બની જાય.

સાંસારિક વ્યવહારો વચ્ચે રહીને પણ આવું સત્કર્મ થઇ શકે તે વાત શ્રી વાસુદેવભાઇ અને પદ્માબેનદ્વારા પૂ. મા આપણને સમજાવે છે.



# એક અજાણી વ્યક્તિનો સરસ પ્રતિભાવ

**તંત્રી**

સ્વર્ગારોહણમાં કદીક બીજા ધર્મના લોકો પણ પૂ. માના દર્શને આવી ચઢે છે. આવી જ એક વ્યક્તિ રાયસાહેબ અમીનભાઇ મરચન્ટ ભાવનગર, (આગાખાની ખોજા) મુસ્લીમ સંપ્રદાયના તા. ૧૮ મી માર્ચે આવી ચઢ્યા. તેઓ ઉદાર મતવાદી અને હિંદુ તેમ જ મુસ્લીમ ધર્મ વિષેની સારી સમજ ધરાવતા હતા. તો તેમના જ્ઞાનનો લાભ સાધકોને પૂ. માએ અપાવ્યો.

તેઓએ શ્રી મહમદ પયગંબર, સૂફી સંત રાબિયા તેમ જ અન્ય મુસ્લીમ સંતોના જીવનના પ્રેરણાદાયી પ્રસંગો સરસ રીતે વર્ણવ્યા. આમ પૂ. માએ પણ સર્વધર્મ સમભાવની તથા ગુણગ્રાહિતાની ભાવનાનું દર્શન સાધકોને કરાવ્યું.

શ્રી અમીનભાઇ ઘણાં વર્ષોથી અધ્યાત્મ માસિક વાંચતા. તે રીતે તેઓને પૂ. મા સર્વેશ્વરીનો અપ્રત્યક્ષ પરિચય હતો જ. તેથી માઉન્ટ આબુથી પાછા ફરતાં સહજ રીતે પૂ. માના દર્શને અંબાજી આવી ચઢ્યા અને પ્રસન્નતા પામ્યા. તેઓએ ખૂબ ખુલ્લા દિલે પૂ. માની પ્રશસ્તિ પણ કરી, પોતાનો પૂ. મા પ્રત્યેનો પૂજ્યભાવ હૃદયપૂર્વક વ્યક્ત કર્યો.

## ❁ લેખકોને સૂચના ❁

‘અધ્યાત્મ’ માટે જે લેખો મોકલાવો તે મોટા **સુવાચ્ય** અક્ષરે અને **આંકેલા** ફૂલસ્કેપના કાગળ ઉપર જ લખી મોકલવા વિનંતી છે, જેથી કંપોઝીટરોને સરળતા રહે. —**તંત્રી**

# શિવમહિમ્નસ્તોત્રનું પ્રકાશન

**મા સર્વેશ્વરી**

આજે ઘણા વરસે શિવમહિમ્નનું નાનકડું પુસ્તક પણ પ્રકાશિત થઈને આપણા હાથમાં આવી રહ્યું છે.

પ્રોગ્રેસીવ પ્રિન્ટીંગ પ્રેસ, સુરત તથા શ્રી પ્રગતિબેન જાનીની અથાગ મહેનતનું મીઠું ફળ આપણને આજે મળે છે. બન્નેને ધન્યવાદ.

શિવમહિમ્નનું-એ ગ્રંથનું વિમોચન પ્રગતિબેન કરશે.

આ આઠમી આવૃત્તિ છે. કિંમત માત્ર છ રૂા. છે. સર્વમંગલ ટ્રસ્ટ સાવ સસ્તા દરે આપના હાથમાં મૂકે છે. તો જરૂર એ ગ્રંથ વસાવજો. સૌને વહેંચજો.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : **૨૩૨૨૮૨૩૧**



# તમારું દ્વાર

તમારે દ્વારે મેં પુષ્પોની પ્રફુલ્લ માળાઓ મૂકી,
પુષ્પો પાથર્યાં,
આરતી ઉતારી, નિવૈદ્ય ધર્યાં,
જે જે જરૂરી હતું તે બધું જ કર્યું,
તો પણ દ્વાર ના ઊઘડ્યું.
તમારે દ્વારે મધુમય મલ્હારગીત ગાયું,
પોકારો પાડ્યા,
શાંત સંવેદન અનુભવ્યાં, સ્તોત્ર વાંચ્યાં.
તો પણ દ્વાર ના ઊઘડ્યું.
એ સઘળું છોડીને શાંત થયો,
સમર્પિત બન્યો,
દ્વાર ત્યારે જ ઊઘડ્યું,
ઊઘડ્યા વિના ના રહ્યું.

**—યોગેશ્વરજી**
(અપ્રગટ સાહિત્ય ‘દર્પણ’માંથી)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**
મધુર કોમ્પ્લેક્ષ, શનારા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

# પ્રભુને પ્રાર્થના

પકડ્યું શરણ તમારું,
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!
હું બાળક અજ્ઞાની પાપી,
ભલું કરો રે મારું!
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

જનમોજનમનો કચરો દિલમાં સંઘર્યો આજ લગી,
જ્ઞાન તેજાબે સાફ રે કરજો, છોને જતો સળગી,
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

મન ચંચળ મુજ જાય ડગી તો પાધરું કરજો પ્રેમે!
ભક્તિ રસાયણ પાજો એવું જાય ન ક્યાંય કેમે!
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

ગોદમાં લઇને વ્હાલના અમૃત પાજો ખૂબ મીઠેરા!
આતમરામને ભેટાવી દેજો કાપી ભવના ફેરા!
પ્રભુજી, પકડ્યું શરણ તમારું!

**—પરમાર્થી**



### મા સર્વેશ્વરી સંનિધિ પર્વ નિમિત્તે

# સ્વર્ગારોહણમાં સર્વ રોગ નિદાન યજ્ઞ

**બી. જે. જાગાણી**

સ્વર્ગારોહણ ભલે જગદંબાની શક્તિપીઠના સ્થાન અંબાજીમાં આવેલું છે. આ સ્થાનની પસંદગી, પૂ. ગુરુદેવ પ્રભુ યોગેશ્વરજીએ કરી, તે પાછળનો પરમશક્તિનો કોઇક હેતુ તો અવશ્ય હશે જ. અહીં આત્મિક સાધના માટેનું સારું કેન્દ્ર ભલે બન્યું, પણ એય સાચું છે કે અહીં આસપાસ વસતી ગરીબ અને અભણ આદિવાસી પ્રજાને રાહત પહોંચાડનારું કેન્દ્ર બને, તેવી પ્રભુની ઇચ્છા જરૂર હશે, તેથી જ તો આધ્યાત્મિક સાધનાની સાથે, ગરીબોની સેવાની પ્રવૃત્તિ પણ પૂ. મા શ્રી સર્વેશ્વરીની રાહબારી નીચે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી અહીં થઇ રહી છે.

આ વર્ષે ૧૬ મી માર્ચ, ૨૦૦૩ નો સર્વરોગ નિદાન યજ્ઞ—એ પાંચમો છે. અગાઉના આવા નિદાન યજ્ઞોનું પરિણામ એ આવ્યું છે કે આસપાસની આદિવાસી પ્રજા અને તેમની વચ્ચે રહી કામ કરતા ભાઇબહેનોનો ઉત્તરોત્તર વિશ્વાસ સંપાદન કરવામાં સ્વર્ગારોવણ સફળ રહ્યું છે. અહીંની આ અભણ ને ગરીબ પ્રજાને ખાત્રી થઇ ગઇ છે અહીં થતા નિદાનયજ્ઞો કે બીજી સામાજિક પ્રવૃત્તિ પાછળ કોઇ લૌકિક લાભ કે પ્રતિષ્ઠા કમાવાનો આશય નથી. કેવળ કરુણા કે અનુકંપાથી પ્રેરાઇ ફક્ત સેવાની ભાવનાથી અહીં બધી પ્રવૃત્તિ થાય છે.

અંબાજીની આસપાસનો ગ્રામ્ય વિસ્તાર ખરે જ ખૂબ પછાત

અને ગરીબ છે. તેમનો જીવવાનો એક માત્ર આધાર ખેતી છે, અને તે પણ ફક્ત ચોમાસુ ખેતી.

અહીં જીવનની પ્રાથમિક આવશ્યકતાઓનો પણ ઘણો અભાવ છે. શિક્ષણ, પીવાના પાણીની સમસ્યા કે ખરીદી માટે નાની મોટી દુકાનો પણ ખાસ નથી. તો દાક્તરી સારવાર તો હોય જ ક્યાંથી?

આમ અજ્ઞાનતા અને ગરીબી તેમની મુખ્ય સમસ્યાઓ છે. અજ્ઞાનતાને પરિણામે વહેમો પણ ખરા. એથી નાની મોટી શારીરિક બીમારીઓનો દાક્તરી ઈલાજ કરવાને બદલે—ભુવાઓ પાસે પહોંચી જાય ને દુઃખી થાય. પરંતુ સદ્નસીબે તેઓને પૂ. મામાં શ્રદ્ધા એટલે સર્વમંગલ અને સ્વર્ગારોહણનું નામ સાંભળી—વિશ્વાસપૂર્વક આવે. એથી જ અહીંના નિદાન યજ્ઞોમાં તેઓ આવતાં કોઈ સંકોચ અનુભવતા નથી. આ સેવા યજ્ઞ પાછળનો પૂ. માનો ભાવ તો એવો છે કે તેઓની શારીરિક બીમારીઓ દૂર થાય, પણ સાથે સાથે તેઓના અજ્ઞાનરૂપી અંધકારવાળા જીવનમાં પ્રભુનો પ્રવેશ થાય જેથી તેઓ સારુ મનુષ્ય તરીકેનું જીવન જીવતા થાય.

શ્રી કરસનભાઈ ભક્ત અને શ્રીમતી ગુલાબબેન ભક્ત કે જેઓ હાલ અમેરિકામાં વસવાટ કરે છે, તેઓના ૫૦ મા લગ્ન વર્ષ નિમિત્તે આવા સત્કાર્ય કરવાના સંકલ્પને આજે સાકારરૂપ મળ્યું અને તેમના દ્વારા મળેલી આર્થિક સહાય અનેક દરદીઓને શારીરિક શાતા આપી ગઈ. આ ગૃહસ્થ બેલડી અંગે નિદાન યજ્ઞના ઉદ્ઘાટન પ્રસંગે સવારે ૯—૦૦ કલાકે પૂ. મા દ્વારા લિખિત સંદેશો વંચાયો. જે આ પ્રમાણે છે.

આજનું સર્વ રોગ નિદાન યજ્ઞનું સત્કર્મ યુ. એસ. એ.માં વસતા શ્રી કરશનભાઈ તથા શ્રીમતિ ગુલાબબેન ભક્ત તરફથી છે.

ઘણા વરસથી ૧ મેડિકલ કેમ્પ થાય એવો એમનો આગ્રહ હતો.



આ વરસે એમના લગ્નજીવનને ૫૦ વરસ પૂરાં થાય છે તો એ પ્રસંગે એમનું આ સત્કર્મ છે.

શ્રી ગુલાબબેન અતિ નિયમિત રીતે લાભ લે છે શિબિરનો.

શ્રી કરશનભાઈ દર વરસે શામપૂરામાં નેત્રયજ્ઞ પોતાના તરફથી કરાવે છે.

આજે અહીં હાજર રહી શક્યા નથી. એમના પિતાશ્રી શ્રી સીતારામભાઈ ભક્તનો ચાર દિવસ પહેલાં જ સ્વર્ગવાસ થયો તેથી તેઓ તે કાર્યમાં વ્યસ્ત છે.

શ્રી સીતારામભાઈનું જીવન એક ગૃહસ્થ યોગી જેવું હતું એઓ પણ સતત સત્કર્મ કરતા રહ્યા. એ જ સંસ્કાર વારસો શ્રી કરશનભાઈમાં પણ ઉતર્યો છે.

અને આપણે સૌ અમેરિકાના શ્રી ભગવાનજીને તો જાણીએ જ છીએ. તેઓ પણ પોતાના પિતાનો સત્કર્મનો વારસો ઉત્તમ રીતે દીપાવી રહ્યા છે.

શ્રી ભગવાનજીભાઈના જ મોટાભાઈ શ્રી કરશનભાઈ તરફથી આજે આપણો આ કેમ્પ છે. પ્રભુ એમના હાથે એવાં સત્કર્મો કરાવતા રહો.

સૌને સુખ શાંતિ મળો એ જ પ્રાર્થના. **—મા.**

પૂ. મા સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં અને સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૬—૦૩—૨૦૦૩ ના રોજ સ્વર્ગારોહણતીર્થ, અંબાજીમાં સર્વ રોગ નિદાન યજ્ઞ યોજાઈ ગયો. આ યજ્ઞમાં ૨૦૧૧ દરદીઓને વિવિધ રોગના તજજ્ઞ ડોક્ટરોદ્વારા રોગનું નિદાન કરી મફત દવાઓ આપવામાં આવી. જે દરદીઓને બેતાળાના ચશ્માની જરૂર હતી તેવા દરદીઓને ચશ્મા પણ આપવાની વ્યવસ્થા કરવામાં

આવી હતી. પાલનપુર સ્થિત શ્રી પીયૂષભાઇ જોશીએ સમગ્ર નિદાન યજ્ઞનું સંકલન કરવાનું સ્વીકાર્યું અને સ્વર્ગારોહણતીર્થ ખાતે પાલનપુરથી વિવિધ રોગના તજજ્ઞ ડોક્ટરોને લાવ્યા. અમદાવાદથી શ્રી યશવંતભાઇ દેસાઇ તથા ડો. અરુણાબેન ઠાકરે પણ ડોક્ટરોને લાવવાની કામગીરી કરી. તો આ નિદાન યજ્ઞમાં અંબાજી, રાજકોટ, ભાવનગર, સુરત, ઝણોર વગેરેના દાક્તરોએ પણ સેવા આપી.

કુલ ૨૭ ડોક્ટરોની ટીમે સતત પાંચ કલાક સેવા આપીને બધા જ ઉપસ્થિત દર્દીઓને તપાસી પ્રેમપૂર્વક સંતોષ આપ્યો.

| **ક્રમ** | **ડોક્ટરનું નામ** | **કયા રોગના તજજ્ઞ છે.** | **સ્થળ** |
|---|---|---|---|
| ૧ | ડો. પરેશભાઇ પરીખ | આંખ | પાલનપુર |
| ૨ | ડો. હસમુખભાઇ જોશી | આંખ | પાલનપુર |
| ૩ | ડો. મનસુખભાઇ પટેલ | જનરલ સર્જન | અંબાજી |
| ૪ | ડો. પંકજભાઇ સત્યપાલ | જનરલ સર્જન | અંબાજી |
| ૫ | ડો. રાજેશભાઇ ચૌહાણ | ફિઝિશ્યન | ભાવનગર |
| ૬ | ડો. હિનાબેન ઠાકર | ફિઝિશ્યન | અમદાવાદ |
| ૭ | ડો. હેમાબેન ભોજાણી | ફિઝિશ્યન | સુરત |
| ૮ | ડો. અરવિંદભાઇ શાસ્રી | જનરલ ફિઝિશ્યન | અમદાવાદ |
| ૯ | ડો. મનીષ પટેલ | જનરલ ફિઝિશ્યન | સુરત |
| ૧૦ | ડો. જયેશ પટેલ | જનરલ ફિઝિશ્યન | સુરત |
| ૧૧ | ડો. હરેન્દ્ર સુરતીયા | જનરલ ફિઝિશ્યન | ઝણોર |
| ૧૨ | ડો. કૃદંત આચાર્ય | ઓર્થોપેડિક સર્જન | પાલનપુર |
| ૧૩ | ડો. કે. જી. ટેલર | સ્રીરોગ | પાલનપુર |
| ૧૪ | ડો. હર્ષદભાઇ પટેલ | સ્રીરોગ | પાલનપુર |
| ૧૫ | ડો. દીપકભાઇ ચૌધરી | હરસ, મસા, ભગંદર | પાલનપુર |
| ૧૬ | ડો. પીનાકિન પટેલ | સોનોગ્રાફી | પાલનપુર |
| ૧૭ | ડો. અર્પિતા એન્જિનિયર | ચામડી | અમદાવાદ |



| | | | |
|---|---|---|---|
| ૧૮ | ડો. રાજેન્દ્ર વસૈયા | હૃદયરોગ | અમદાવાદ |
| ૧૯ | ડો. પ્રવીણભાઇ પટેલ | માનસિક રોગ | પાલનપુર |
| ૨૦ | ડો. અમીતભાઇ અખાણી | નાક, કાન, ગળું | પાલનપુર |
| ૨૧ | ડો. હેમંતભાઇ શાહ | નાક, કાન, ગળું | પાલનપુર |
| ૨૨ | ડો. જીજ્ઞેશભાઇ ભાવસાર | નાક, કાન, ગળું | ભાવનગર |
| ૨૩ | ડો. કુન્દનબેન ગોહિલ | બાળરોગ | ભાવનગર |
| ૨૪ | ડો. મેનાબેન જાવિયા | દંતરોગ | રાજકોટ |

આ ઉપરાંત આંખના નંબર કાઢી આપવા માટે પણ તજજ્ઞશ્રી-ઓની સેવાઓ મળેલી જેમાં શ્રી એલ. એસ. પટેલ, શ્રી રણજિતસિંહ પરમાર અને શ્રી જી. એન. જોશીનો સમાવેશ થાય છે. શ્રીમતી રાધાબેન તરાલ અને શ્રીમતી કોકિલાબેને પણ ગાયનેક ડોક્ટરો સાથે પોતાની સહાયક સેવાઓ આપી.ટ્રસ્ટદ્વારા વિનામૂલ્યે બેતાળાના ચશ્મા મેળવવાનો લાભ ૪૭૮ ભાઇબહેનોએ લીધો.

દરદીઓને સર્વરોગ નિદાન યજ્ઞની માહિતી અંબાજી આસ-પાસના ૩૭ ગામડાસુધી મળી રહે તે માટે તળપદી ભાષામાં પ્રચાર–પ્રસાર કરવાનું કાર્ય શ્રી સ્નેહલભાઇ, શ્રી હેમલભાઇ, શ્રી તારકભાઇ, શ્રી રાજીવ જાની, શ્રી આનંદ ભટ્ટ, શ્રી અંકુર, શ્રી હીતેશ, શ્રી જે. કે. પટેલ, શ્રી દિવ્યેશ, શ્રી કૌશિક પંડ્યા વગેરેએ કર્યું. દૂર દૂરના ગામડાઓમાં જઇને ગ્રામજનોને સ્વર્ગારોહણતીર્થમાં યોજાનાર સર્વ રોગ નિદાન યજ્ઞની માહિતી એવી રીતે આપતા કે સૌ કોઇને એમ લાગે કે આ ભાઇઓ પોતાના વર્ષો જૂના સ્નેહીજન ન હોય!

પ્રત્યેક દરદીને મફત દવા, પ્રસાદ અને લીંબુ શરબત આપવાની વ્યવસ્થા કરવામાં આવી. પ્રસાદમાં બુંદી અને ગાંઠિયા ઉપરાંત શ્રી જયસુખભાઇ પટેલદ્વારા આપવામાં આવેલ પોલિશ્ડ

તલ હતા. ભક્ત સેવિકાઓ શ્રી માયાબેન અને વિનોદિનીબેન દ્વારા લીંબુ શરબત આપવામાં આવ્યું. પૂ. માએ બધા દરદી, ડોક્ટરો, સ્વયં સેવકોને પાણી ઉપરાંત લીંબુ શરબત પણ આપ્યું. પૂ. મા અહંરહિત સંત છે એટલે જ આવી સેવા સ્વીકારે.

ભોજન વ્યવસ્થા, પ્રસાદ, લીંબુશરબત, ડોક્ટરોની સરભરા અને સ્વાગત, રજીસ્ટ્રેશન, દવા વિતરણ, દરદીઓને ડોક્ટરોસુધી લઇ જવાની વ્યવસ્થા, ડોક્ટરોને સહાયરૂપ થવા સ્વયંસેવકોની વ્યવસ્થા, ચશ્મા વિતરણ, ડોક્ટરોના ટેબલની ગોઠવણ, જળપાન, દરદી વ્યવસ્થાપન, ડોક્યુમેન્ટેશન અને પુસ્તક વેચાણ જેવી બાબતો અંગે સ્વયંસેવકોની સેવાઓ મળી રહે તે માટે વિવિધ સમિતિઓ રચવામાં આવી અને સ્વયં સેવકોએ દરદી નારાયણની સેવાઓ મા—પ્રભુના આધ્યાત્મિક મૂલ્યોથી રંગાઇને કરી. 'નમ્ર બનીને, જીવે સેવકરૂપ ધરીને, જીવી બતાવવાનો આ મંગલ અવસર છે.' પૂ. માએ દર્શાવેલ આ જીવન મૂલ્યને સાર્થક કરવા સૌ સાધક ભાઇ—બહેનોએ યથાયોગ્ય પુરુષાર્થ કર્યો.

સવારના ૮—૪૫ કલાકે પૂ. શ્રીનું સ્વરૂપ સંકીર્તન સાથે ખાસ ડ્રેસમાં સજ્જ એવા ભક્તોની ઉપસ્થિતિમાં બગીચા પાસે તૈયાર કરેલ બેઠકપર પધરાવવામાં આવે છે અને બપોરના બે કલાકે સંકીર્તન સાથે પૂ. શ્રીના સ્વરૂપને મૂળ સ્થાને પધરાવીને નિદાન યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. પૂ. માએ આ બેઠકની તૈયારી માટે ચાર કલાક જેટલો સમય આપેલ. બેઠકની નીચે સિંહનું બાવલું, તેના ઉપર પૂ. શ્રીનું પૂર્ણ કદનું સ્વરૂપ બંને બાજુએ ભક્ત સેવક શ્રી શાંતિભાઇ કનેરિયાના પરિવારની પૂર્ણ કદની તસ્વીરો મૂકવામાં આવેલ. ઉદ્‌ઘાટનની સાદી, સરલ, ભાવવાહી અને પ્રેરક રીતે સૌને પ્રભાવિત કર્યાં.



હોલમાં સૌ ડોક્ટરો અને સાધકો એકત્રિત થાય છે ત્યારે બપોરના ૨—૩૦ કલાક થયા છે. પૂ. માની ઉપસ્થિતિમાં સૌ ડોક્ટરોને પુરસ્કાર પ્રતીક શ્રી રાજુભાઇ જાનીના હસ્તે આપવામાં આવે છે. શ્રી યશવંતભાઇ દેસાઇનો જન્મદિવસ હોવાથી પૂ. મા સૌને જન્મદિન ઉજવણી માટે રચેલ પદદ્વારા ખાસ પ્રાર્થના કરવા કહે છે.

યોગેશ્વર પ્રભુને ચરણે નમીને, માંગીએ આજ પ્રભાતે,
યશવંતભાઇના જન્મદિને, પ્રાર્થના કરીએ સાથે.

આ નિદાન યજ્ઞમાં ગત નિદાન યજ્ઞની જેમ અમેરિકાથી શ્રી જગુભાઇ મિસ્ત્રી, નીરુબેન મિસ્ત્રી અને તેમનાં પુત્ર સૂરજ સ્વર્ગારોહણતીર્થમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અંબાજી સ્થિત ભક્ત સેવક, શ્રી તુલસીભાઇ જોશી, શ્રી દિલિપભાઇ પટેલ અને તેનો પરિવાર પણ આ સેવા યજ્ઞમાં સામેલ થયો હતો. મુંબઇ, રાજકોટ, ભાવનગર, મોરબી, સુરત, ઝણોર, અમદાવાદ, કપૂરા, પાલનપુર, વડોદરા વગેરે કેન્દ્રો પરથી સાધક ભાઇબહેનો ઉપસ્થિત રહી નિદાન યજ્ઞને સાર્થક કરવામાં સહયોગી થયાં હતાં.

અંબાજી સ્થિત નાણાવટી સ્કૂલ, આરાસુરી વિદ્યામંદિર અને રોટરી કલબદ્વારા સાધનો આપવામાં આવ્યાં અને દવાઓ માટે અશ્વિનભાઇ શાહ, અરુણભાઇ શાહ, અને રમેશભાઇ પરીખનો પણ ખાસ આભાર માનવામાં આવ્યો. વળી પાલનપુરના જાણીતા વકીલ અને જાહેર કાર્યકર્તા શ્રી ઈશ્વરભાઇ શાહે પણ ઉપસ્થિત રહી પોતાની શુભ લાગણી દર્શાવી.

પહેલાંના નિદાન યજ્ઞોના અનુભવોને લીધે આ વખતનું આયોજન સરસ રહ્યું. તેથી કોઇને સેવાનો કોઇ ભાર લાગ્યો નહિ

તેમ જ પૂ. માની સતત ઘૂમતી રહેતી ઉપસ્થિતિ સહુ માટે ઉત્સાહ ને પ્રેરણારૂપ બની રહી તે ત્યાં સુધી કે દર્દીઓ પણ પૂ. માના હાથે આપેલ શરબત પી, પ્રસાદ લઈ ધન્યતા અનુભવી વિદાય લેતા. સામાન્ય રીતે આદિવાસી પ્રજા હોળીના તહેવારોમાં નાચવા–ગાવામાંથી ઊંચી ના આવે. તે છતાં બે હજાર જેટલા દર્દીઓએ આ નિદાન યજ્ઞનો લાભ લીધો, તે જ એની મોટી સફળતા લેખાય. કહ્યું છે કે પ્રભુનું કાર્ય પ્રભુ જ કરે—એનું દર્શન અહીં થયું.

ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ,
કાર્ય અમારું સફળ કર્યું.

પૂ. મા સર્વેશ્વરી રચિત પદના સમૂહ ગાનથી પૂ. શ્રીનો આભાર માની નિદાન યજ્ઞનું કાર્ય પૂર્ણ કર્યું. પૂ. મા સિવાય આવા સરસ ભાવથી આ દરિદ્રોની સેવાદ્વારા સહાય પહોંચાડવાનું કોણ વિચારે!

### ❁ અંકો ના મળવા અંગે ❁

અમને એ જાણી દુ:ખ થયું કે પરદેશના ગ્રાહકોને જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૦૩ ના અધ્યાત્મના અંકો મળ્યા નથી. એ પણ જાણવા મળ્યું કે માર્ચ, ૨૦૦૩ નો અંક મળી ગયો છે.

આ ના મળેલા અંકો ક્યાં અટવાયા છે, તે ખબર નથી. તે અંગે તપાસ કરી રહ્યા છીએ. અંકો ન મળવા બદલ વાંચકો ક્ષમા કરે.

—તંત્રી



## દેવી દુર્ગામાતાના
# વિવિધ સ્વરૂપોનું માર્મિક રહસ્ય

ડો. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)

મહામાયાએ સૃષ્ટિમાં વ્યાપ્ત મૌનને મુખરિત કરવા તથા સૌન્દર્યને પ્રગટ કરવા માટે દેવ–દેવીઓને સર્જીને ધરતીપર મોકલ્યા ત્યારે તેઓ ગીચ જંગલ ને વનરાજિમાં રહેવા યોગ્ય સ્થાન ન મળવાથી મૂંઝાઈ ગયા ને દેવીમાતાને તેમણે પૂછ્યું : “દેવી મા, અમે રહીએ ક્યાં?” ત્યારે આદ્યશક્તિએ જવાબમાં કહ્યું : “જાવ, તમે મનુષ્યના અવયવોમાં વાસ કરો.” એટલે પછી તો માનવ શરીરના રોમ રોમમાં બ્રહ્મા, આંખોમાં સૂર્યદેવ, મુખમાં વાણીસ્વરૂપે અગ્નિદેવ, હૃદયમાં ચંદ્રમા ને પ્રાણમાં મરુતદેવે વાસ કર્યો.

આમ, મનુષ્ય દૈવી શક્તિઓ પ્રાપ્ત કરીને રાજી થયો. પુરાણોમાં સમગ્ર સ્ત્રીશક્તિના પ્રાગટ્યને ‘મા’નું બિરુદ અપાયું છે. અને કહ્યું છે તેમ નારીમાં નિહિત સઘળી શક્તિઓ પ્રગટ થઈ જાય તો સૃષ્ટિના અસ્તિત્વ પર્યંત તેની અર્ચના થતી રહે.

### વિવિધ સ્વરૂપો ને તેનો મર્મ

દેવી દુર્ગામાતાનાં નવ સ્વરૂપોની કલ્પના સકારણ છે, એ પૈકી બ્રહ્મચારિણી, કાત્યાયની અને મહાગૌરી સ્વરૂપોમાં ૪–૪, કૂષ્માણ્ડા ને સિદ્ધિદાત્રીને ૮–૮ તથા ચંદ્રઘંટાની ૧૦–૧૦ ભૂજાઓ છે, એમની અનેક વિવિધતાઓ છતાં એક બાબત નોંધપાત્ર છે કે એ દરેક સ્વરૂપમાં કમલ પુષ્પ તથા ખડ્ગ રહેલ છે, જીવનમાં જુદી જુદી ઘટનાઓ, સારાનરસા પ્રસંગોને અનેકવિધ સંઘર્ષો ને પડકારો

આવતા હોય છે ત્યારે કમલની સુંદરતા સમેત અનાસક્તભાવે દુષ્ટ શક્તિઓને ડામવા માટે હાથમાં ત્રિશૂલ, કૃપાણ ને શસ્ત્ર ધારણ કરવા પડે છે તથા સાથે સાથે ડમરું, શંખના સૂરનાદથી અશુભ-તત્ત્વોને લલકારવાં પડે છે.

ધ્યાનથી જોઈએ તો શાસ્ત્રકારોએ આદ્યશક્તિ મા દુર્ગાદેવીને સુંદરતાના તત્ત્વવગરની રાખી નથી, એમાં શણગાર તથા આભૂષણપ્રિયતા પણ દર્શાવેલ છે, એનો ભાવાર્થ એ છે કે માતૃત્વ આવતાં જ સૌન્દર્યની ઈચ્છા લુપ્ત નથી થતી, પણ એનો અતિરેક ન થાય તે માટે તેને સંયમિત કરવાની છે. એટલે એ દેવી સ્વરૂપોના હાથમાં જપમાલા તેમ જ કમંડળ પણ રખાયેલ દર્શાવાયાં છે.

પોતાના પૂર્વજન્મમાં ભગવાન શંકરને પતિરૂપે પ્રાપ્ત કરવા માટે ત્રણ હજાર વર્ષનું ઘોર તપ કરનાર બ્રહ્મચારિણી (ઉમા, અપર્ણા) સ્વરૂપમાં અવતરેલ દુર્ગામાતાના હાથમાં પદ્મ, કંકણ, કમલમાલા, કમલકેયૂર અને કર્ણફૂલ પણ શોભતા દાખવવામાં આવ્યાં છે.

હંમેશાં યુદ્ધ માટે તત્પર દેખાતા દુર્ગાદેવીના ત્રીજા સ્વરૂપ ચંદ્રઘંટાના હાથમાં તો ત્રિશૂલ, ગદા, કમંડલ, ખડ્ગ ને બાણની સાથે વળી કમલ દાખવીને એમ સૂચવાયું છે કે નારીએ જીવનના સંઘર્ષોમાં કંટકથી છવાયેલ પંથે પણ અનાસક્તિ ને સંયમ ગુમાવવાનાં નથી. આ બાબતમાં આપણને ભારતીય ઇતિહાસમાં આલેખાયેલ વીરાંગના ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, દુર્ગાવતી આદિનું સ્મરણ થઈ આવે છે.

પાંચમા દિને પૂજિત થતું સ્કંદમાતાનું દુર્ગાસ્વરૂપ બાલસંગોપન ને વત્સલતાથી સભર છે, એ શુભ્રવર્ણા કમલધારી તથા કમલ



આસન પર પ્રતિષ્ઠિત થયેલી છે. એણે સુવર્ણ—ઝાંઝર ધારણ કરેલ છે ને એની ગોદમાં કુમાર કાર્તિકેય બિરાજેલ છે.

સ્ત્રી સમગ્ર પરિવારના આરોગ્યની સુપેરે જાળવણી કરતી હોય છે. એટલે પોતાની તંદુરસ્તી જાળવીને જ તે બીજાના આરોગ્યની કાળજી રાખી શકે—એનો ખ્યાલ દુર્ગાદેવીનું કૂષ્માણ્ડારૂપ સુપેરે આપી જાય છે, વળી એક બીજી બાબત પણ અહીં એ નોંધપાત્ર બને છે કે મંદસ્મિત હાસ્યથી સમગ્ર સૃષ્ટિનું સર્જન કરનાર આ સ્વરૂપ જીવનમાં હાસ્યનું મહત્ત્વ આરોગ્ય માટે કેટલું બધું છે તે ય દર્શાવી જાય છે, વળી એ દેવીને બલિદાન તરીકે કુંભની બલિ પ્રિય હોવાની બીના કહી જાય છે કે બલિ દેવા માટે કદીય કોઈ જીવની હિંસા—હત્યા ન કરો.

કેવી સુંદર ને વિધાયક કલ્પના છે કે નારીનું સ્મિત પણ સર્જન કરવાને સમર્થ છે. એની તપશ્ચર્યા, એનો પ્રતિકાર, એનું વાત્સલ્ય, એનું પ્રિય—આરાધન—એ સર્વ સર્જનની ક્ષમતા ધરાવે છે. ભારતીય પુરાણાખ્યાનોમાંનું આ એકમેવ અદ્વિતીય સ્વરૂપ છે. અહીં સંહાર પણ સર્જન માટે અકારણ ન હોવાનું દર્શાવાયું છે, દુર્ગામાતાના સઘળાં નવ સ્વરૂપોમાં કમલ સિવાયના બીજા કોઈ ફૂલની કલ્પના કરવામાં આવી નથી. કમલ કાદવ કીચડમાં ઉદ્ભવીને સૂર્યકિરણોના પ્રતાપે ખીલે છે ને એ જલમાં રહેવા છતાં જલથી અલિપ્ત રહે છે ને એ એનો મોહ નથી કરતું ને અનાસક્તિ દાખવે છે. સ્ત્રી પણ આ રીતે સંપૂર્ણ થવા મથી શકે છે ને બની પણ શકે છે. દેવીનાં સ્વરૂપો પૈકી ઘણામાં તે સિંહ પર આરૂઢ થયેલી બતાવવામાં આવેલ છે. ને હાથમાં અંકુશ છે, તે જ રીતે કાળરૂપી સિંહ પર સંયમ ને શક્તિનું અંકુશ લઈને આજની નારી જીવનસંગ્રામમાં ઝઝૂમીને જીત મેળવી શકે છે.

દુર્ગાદેવીનું કાલરાત્રિસ્વરૂપ આપણને અનિષ્ટદલન, દૈત્યદલન, ભૂતપ્રેત ઉચ્ચાટનનો પ્રેરક સંદેશ આપી જાય છે, ચોગરદમ અનિષ્ટ દુરાચાર સમો અંધકાર વ્યાપેલ હોય ત્યારે સંહારક શક્તિ જાગ્રત કરવા માનું આ દૈવીરૂપ આપણને પ્રોત્સાહિત કરે છે. માના શૈલપુત્રીના સ્વરૂપે ઉપનિષદ્ અનુસાર દેવતાઓના ગર્વને ભાંગીને ભુક્કો કર્યો હતો.

**સંકેત ને લલકાર**

આપણા શાસ્ત્રકારો દેવીના આ સ્વરૂપોદ્વારા પૃથ્વીના રક્ષણ માટે આપણને લલકારે છે, દેવીના વાહનરૂપે દર્દભ, વૃષભ ને સિંહ આદિ ગમે તે હોય, પણ દેવીની મુદ્રા અભય ધારણ કરેલી છે, એ આપણને અભય રહેવા સમજાવે છે, દેવીએ ધારણ કરેલ કમલ ફૂલ આપણને સુંદર પુષ્પોવાળી પ્રકૃતિનો સંકેત આપીને તેનું સૌન્દર્ય સાચવવા સમજાવી જાય છે. દેવીના હાથોમાં રહેલ ખડ્ગ, ચક્ર, ગદા, ત્રિશૂલ, ધનુષબાણ ને શંખ આદિદ્વારા સૃષ્ટિમાં રહેલ અનિષ્ટ તત્ત્વો સામે લડીને તેનું નિકંદન કાઢવા સામર્થ્ય જગાવવા સ્ત્રીશક્તિ સહિત સર્વેને લલકાર થયો છે, મૌનથી થયેલ સૃષ્ટિસર્જનને દેવી હાથમાં રહેલ અમૃતઘટ, કલશ, કમંડળ ને જપમાલા આપણને તપ—સંયમની સાધના કરવાનો સંદેશ આપી જાય છે, દુર્ગામાતાનાં વિવિધ સ્વરૂપોનું આ રહસ્યદર્શન છે.

દુર્ગાદિવીમાનું પ્રત્યેક સ્વરૂપ કાવ્યાત્મક છે ને રહસ્ય સમજાવી જાય છે, એનો વર્ણ સુવર્ણ, સૂર્ય, શંખ, ચંદ્ર, કુંદ ફૂલને વિદ્યુત સમો શોભિત છે. મહાદેવ શંકરના અર્ધનારીશ્વર રૂપનો સાક્ષાત્કાર પણ એ કરાવી જાય છે. ચંદ્રઘંટા દેવી સ્વરૂપમાં શિરપર ચંદ્ર નારીશક્તિની તેજસ્વિતા ને ગરિમાનું સૂચન કરી જાય છે, એવી



સ્ત્રીશક્તિ વિવિધ સિદ્ધિ આપનારી બનતી હોય છે નવદુર્ગાના વ્રતનું સમાપન સિદ્ધિદાતા બનવા પામે છે.

સૃષ્ટિના સંચાલન માટે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા ત્રિદેવોને ય શક્તિની સહાય લેવી પડતી હોય છે, એ રીતે સાધક શક્તિને પ્રસન્ન કરવા માટે નવ દિવસ માટે અનુક્રમે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા ને પછી સહસ્રાર ચક્રમાં પ્રવેશ કરીને સિદ્ધિનો અધિકારી બની શકે છે.

(સંપૂર્ણ)

**★ પ્રેરણાત્મક સત્કર્મ ★**

તા. ૨૫—૧—૦૩ ના રોજ કાઠિયાવાડ બાલાશ્રમના કાર્યક્રમમાં ત્યાં રહેતી અનાથ બહેનોને યોગ્ય ઘર/વ્યક્તિઓ શોધી પરણાવી દેવાનું કાર્ય પણ બાલાશ્રમ ટ્રસ્ટ કરી રહ્યું છે, તેવી માહિતી સંસ્થાના પ્રમુખ શ્રી ઇન્દુભાઇ વ્હોરાએ આપતાં જ પૂ. શ્રી મા સર્વેશ્વરીના વિવિધ સત્કર્મોમાંથી સતત પ્રેરણા પામતા રહેતા યોગેશ્વર પરિવારના વિદેશથી આ કાર્યક્રમમાં હાજરી આપવા ઉપસ્થિત રહેલ શ્રી ગુલાબબેન ભક્ત અને કંચનબેન ભક્તદ્વારા બે કન્યાઓ માટે સંસ્થાએ નિયત કરેલ રકમ કન્યાદાન માટે આપી પ્રેરણાત્મક સત્કર્મ કાર્યક્રમ દરમ્યાન જ કરી દીધું. સત્કર્મમાં વિલંબ શા માટે!

**—રાજુભાઇ જાની**

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

એ આકાશવાણી દેખીતી રીતે જ કેટલી બધી અવિશ્વસનીય છે? પહેલાં ઉત્તેજનાને લીધે મને એ વિશ્વસનીય લાગેલી, પરંતુ હવે શાંતિથી વિચાર કરતાં એની નિરર્થકતા મને બરાબર સમજાય છે. મારું મૃત્યુ મારાથી વધારે શક્તિશાળી કોઇ વીરને હાથે નહિ પરંતુ દેવકીના આઠમા સંતાનને હાથે થશે એ હકીકત જ કેટલી બધી હાસ્યાસ્પદ છે? એને કોણ માની શકે તેમ છે? કોઈક મહામૂર્ખ જ માની શકે, મારા જેવો પ્રાજ્ઞ અથવા પરમપ્રાજ્ઞ ના માની શકે.

એવાં એક નહિ પરંતુ અનેક સંતાનોને હું ચપટી વગાડતામાં ચોળી શકું તેમ છું.

કંસે ચપટી વગાડીને પોતાની કલ્પનાનાં અનેક બાળકોને ચોળી નાખ્યાં ને કહ્યું :

મારી સુતીક્ષ્ણ તલવાર એમના સહેલાઈથી સો સો ટુકડા કરી શકે તેમ છે!

એણે તલવારને મ્યાનમાંથી બહાર કાઢી અને વીંઝવા માંડી.

ત્યાં તો એને સમજાયું કે પોતાની આગળ કોઇ જ નથી ઊભું અને પોતે તલવારને હવામાં જ વીંઝી રહ્યો છે!

એ શરમિંદો બની ગયો ને બોલ્યો :

હરકત નહિ. મારો નાશ કરવા માટે આવનારને હું એવી રીતે નષ્ટ કરી શકું તેમ છું. મારો બતાવવાનો આશય એટલો જ છે. આકાશવાણી સંભળાવનારને એટલું પણ નહિ સૂઝ્યું હોય કે હું એની વાતને નહિ માનું? બાળકો જ્યારે મોટાઓનો નાશ કરવા માંડશે ત્યારે ધરતી રસાતળમાં જશે રસાતળમાં. કોઇનું જીવન પછી સલામત જ નહિ રહે.



★ ★ ★

વખતના વીતવા સાથે દેવકીએ પ્રથમ પુત્રને જન્મ આપ્યો.

એનું નામ કીર્તિમાન રાખવામાં આવ્યું.

એનું અસાધારણ લાવણ્ય જોઇને દેવકી તથા વસુદેવ બંનેને અતિશય આનંદ થયો.

દેવકીએ કહ્યું :

'બાળક એટલો બધો સુંદર, આહ્લાદક અને આકર્ષક છે કે વાત નહિ. એના રૂપમાં આપણને કોઇ અલૌકિક રત્ન જ પ્રાપ્ત થયું છે.'

'પરંતુ આપણી બાંયધરી પ્રમાણે આપણે એને કંસને સુપ્રત કરવો પડશે ને કંસ કોણ જાણે એનું શુંયે કરશે! એનું ભાગ્ય હશે તો જ એ બચી શકશે. તોપણ આપણે કર્તવ્યપાલન તો કરવું જ પડશે. મારા વ્યક્તિગત સુખદુઃખનો વિચાર કરીને મારા વચનનો ભંગ તો નહિ જ કરું.'

વસુદેવના શબ્દો સાંભળીને દેવકી કહેવા માંડી :

'આ બાળક મને પણ અતિશય પ્રિય લાગે છે. એને કઠોર બનીને કંસને અર્પણ કરવાનું મન નથી થતું. પોતાનું સંતાન અસુંદર હોય તોપણ માતાપિતા તેનો હસતાં હસતાં કાયમને માટે પરિત્યાગ નથી કરી શકતાં. તો આ તો અત્યંત સુંદર છે. છતાં પણ તમારી સહચરી તરીકે તમને ધર્મ, સત્ય અથવા કર્તવ્યની નિષ્ઠામાંથી ચ્યુત નહિ કરું. તમને એ નિષ્ઠા મારા કરતાં વધારે પ્રિય છે તે જાણું છું. તમે આપણા વચન પ્રમાણે આ બાળકને કંસ પાસે જરૂર લઈ જાવ. આપણી પ્રાર્થના ફળશે તો એનું જરા પણ અમંગલ નહિ થાય.'

દેવકીની આંખ ભીની થઇ.

વસુદેવ પણ જડ તો નહોતા જ. એ પણ લાગણીથી દ્રવિત થઇને હાલી ઊઠ્યા.

એમણે લાંબા વખત લગી મૂક જેમ બેસી રહીને પછી કીર્તિમાનને લઇને પ્રયાણ કર્યું.

પરંતુ પરિણામ એમની ધારણા કરતાં જુદું જ આવ્યું.

બાળકને નિહાળીને કંસ પ્રસન્ન થયો ને બોલ્યો :

'વસુદેવ, તમે તમારા વચનને પાળ્યું એથી મને આનંદ થયો. મને વિશ્વાસ હતો કે તમે આપેલું વચન પાળશો જ. દેવકીનું આ બાળક કેટલું બધું સુંદર છે? ત્રિભુવનમાં આવું સુંદર સંતાન બીજું ભાગ્યે જ હશે. એને જોઇને મને સ્વાભાવિક રીતે જ સ્નેહ થાય છે. મારું સંતાન પણ આવું જ સુંદર હતું. તમે તમારી ફરજ બજાવી. હવે એને પાછું લઇ જાવ.'

'કેમ?'

'આટલા નાના બાળકથી મને કશો જ ભય ના હોઇ શકે. હું એટલો બધો કઠોર અથવા લાગણીહીન નથી કે એનો નાશ કરવાની તૈયારી કરું. આ કુસુમ જેવું કોમળ બાળક મારું શું બગાડવાનું છે? એ ભલે જીવે ને આનંદ કરે. દેવકીને મારા તરફથી નિર્ભય કરજો ને ઉપહાર ધરજો.'

વસુદેવને વિસ્મય થયો.

એમને થયું કે માનવસ્વભાવ મહાવિચિત્ર છે. એ કયે વખતે શું કરે એ વિશે કશું જ ચોક્કસ ના કહેવાય.

કંસે આપેલી ઉપહાર લઇને એ ઘેર પાછા આવ્યા ને કહેવા માંડ્યા :



'દેવકી, તારી પ્રાર્થના ફળી ખરી.'

દેવકી આનંદમાં આવી જઇને બોલી :

'કેમ? શું થયું? મને બધું કહી બતાવો તો ખરા.'

વસુદેવે કંસના શબ્દો કહી સંભળાવ્યા ને કહ્યું:

'મને લેશ પણ આશા ન હતી કે કંસ આવું ઉદાર વર્તન દાખવી શકશે.'

'અને મને પણ એવી આશા ક્યાં હતી? આ તો બધું એકદમ આશાતીત જ બની ગયું છે.' દેવકી બોલ્યા વિના ના રહી શકી.

વસુદેવે કહ્યું :

'છતાં હજુ એ શું કરે એ વિશે કશો જ નિર્ણય ના બાંધી શકાય.'

'એટલે હજુ પણ તમને કોઇ આશંકા છે?'

'ચંચળ મનના અવિચારી અનાચારી માનવો ક્યારે કયું પગલું ભરી બેસે તે કોઇનાથી ના કહી શકાય. તેમના વિચાર અને વર્તનને છેવટનાં માનીને તેમનો ભરોસો ના રાખી શકાય. અત્યાર પૂરતી આપણી ચિંતા ટળી ગઇ છે એટલી ઈશ્વરની કૃપા. ઈશ્વરને પ્રાર્થીએ કે આગળ પર પણ કોઇ ચિંતા ના ઊભી થાય.'

★ ★ ★

(ક્રમશઃ)